٤١٥٢

ન્યાય અને રાજનીતી

વિષે

નિબંધ

રચનાર

શ્રીધર નારાયણ આઠવેલે

મુંબાદેવી સે. ઍ. વ. સ્કુલનો હેડ માસ્તર.

મુંબઈ

આર્ય-મંડળ છાપખાનું.

સન્ ૧૮૭૩

માણેકશા દાદાભાઈ પ્રિંટર.

શેઠ લક્ષ્મીદાસ ખીમજી

જસ્ટિસ્ ઓવ્ધી પીસ.

એઓને

તેમની પરોપકાર બુદ્ધિ

તથા

દેશ સુધારાનાં કામોમાં ઉલટને માટે

આ લઘુ ગ્રંથ

તેમના આજ્ઞાંકિત તથા આભારી સેવક

નિબંધ કર્તાએ

અર્પણ કર્યોછે.

આ જગતમાં જે અનેક જાતનાં પ્રાણીઓ આપ- ણી દૃષ્ટિએ પડેછે, તે સર્વેમાં પોતાની મન, બુદ્ધિ આદિક ઇંદ્રિઓ વડે માણસ એ સર્વેથી ઉત્તમ છે. પરંતુ જે વિવેકબુદ્ધિવડે અનેક પ્રકારનાં ઉત્તમ કર્મ કરવાથકી માણસનું શ્રેષ્ઠપણું ગણાયછે, તે બુદ્ધિનો ક્ષય કરનાર કુ- વિકાર અંતઃકરણમાં ઉત્પન્ન થવાથી તે તે બુદ્ધિને પાયમા- લ કરી, તે માણસની અવસ્થા એક જંગલી હેવાનથી પ- ણ બુરી કરી નાખેછે.

આપણી ઇંદ્રિઓ વડે શબ્દસ્પર્શાદિક જે જે વિષયનો અનુભવ આપણને થાયછે, તેને ઇંદ્રિયજન્યજ્ઞા- ન કહેછે; અને એ વિષય ગ્રહણ કરતી વખતે જે મનની ક્રિયા ચાલેછે, તેને મનોવ્યાપાર એમ કહેછે. ઇંદ્રિયજન્ય- જ્ઞાન અને મનોવ્યાપાર એથકી જે જે વિષયનો અનુભવ આપણને થાયછે, તે સાથે સંતોષ અથવા અસંતોષ એમાંથી કોઈ પણ એકનો યોગ હોયછે; અને જેથી આ- પણને સંતોષ, અથવા અસંતોષ થતો નથી, એવો આપણા મનનો એક પણ વિચાર, અથવા બીજા કોઈ પણ પદાર્થથકી થએલો ઇંદ્રિયવિકાર આપણા જોવામાં આવશે નહીં. કોઈ પણ વિષય થકી જે આપણને સં- તોષ થાયછે તેને સુખ, અને જે અસંતોષ થાયછે, તે ને દુઃખ એમ કહીએ છીએ, અથવા માનીએ છીએ. પ- છી એ સુખદુઃખ આપણા મનના વિચારો થકી થએ લું હોય અથવા બીજા કોઈ પણ પદાર્થથકી થએલું હોય,

જેમ આપણે આપણા શરીરના કેટલાએક ભાગને ગતિ આપી શકીએ છીએ અથવા સ્થિર રાખી શકીએ છીએ. તેમ મનને જે જે વિષયનો ભાસ થાયછે, તેમાંથી યોગ્યાયોગ્યનો વિચાર કરવાની પરમ કૃપાળુ ઇશ્વરે મનને શકિત આપેલીછે, કે જેના યોગેકરી આપણે જે યોગ્ય હોય તેજ ગ્રહણ કરી શકીએ.

ગતિ અને વિચાર એઓના જે વ્યાપાર કરવાને આપણે શકિતવાન છીએ, તે કરવાને પ્રવૃત્ત થઇએ, માટે આપણા જ્ઞાનરૂપ કર્તાએ આપણા કેટલાએક વિચારો સાથે તથા ઇંદ્રિયજન્યજ્ઞાનની સાથે સુખના અનુભવનો સંયોગ કરી મુકયોછે. હવે જો કદાચ આપણા ઇંદ્રિયજન્યજ્ઞાન અને અંતરના વિચાર એઓ થકી એ સુખાનુભવ જુદો પાડયો, તો પછી ફલાણા કરતાં ફલાણો વિચાર અથવા વ્યાપાર સારો, સ્થિરતા ગતિ અથવા ગતિ કરતાં સ્થિરતા સારી, હરેક વિષય ગ્રહણ કરવો એ સારૂં અથવા ન કરવો એ સારૂં, એવું મનમાં લાવવાને આપણને કંઈ પણ કારણ રહેશે નહીં; એટલે સહજ આપણે આપણા ચાલનવલનાદિક વ્યાપાર કરવાના નથી, તેમજ મનને પણ કામે લગાડવાના નથી. સારાંશ ઇંદ્રિયજન્યજ્ઞાન અને અંતરના વિચાર એઓની સાથે સુખદુઃખનો અનુભવ કરી મુકયો નહોત, તો આપણે જે જે કાંઈ કામો હાલ કરીએ છીએ, તે કરવાને આપણને કંઈજ જરૂર રહી ન હોત, તેથી આપણે આળસુ અને સુ-

રત એવી સ્થિતિમાં રહી ગયા હોત. માટે એમ થાય નહીં અને સૃષ્ટિનો વ્યાપાર ધારેલી રીતે ધુમચોકાર ચાલે એટલા સારૂ જગત્કર્તાએ સર્વ પદાર્થોમાં તથા અંતરના વિચારોમાં સુખદુઃખનો અનુભવ રાખેલોછે.

ફલાણાજ વિષય થકી સુખ થશે અથવા ફલાણાજથકી દુઃખ થશે, એવો ભેદ ઘણી વખતે રાખ્યો નથી. ઘણે પ્રસંગે જે પદાર્થના યોગથકી આપણને સુખ થાયછે, તેજ પદાર્થના યોગથકી દુઃખ પણ થાયછે, એવું આપણા અનુભવમાં આવેછે.

માણસ માત્ર સુખની ઇચ્છા રાખેછે. કંઈપણ કર્મ કરવાનો માણસના મનમાં વિચાર ઉત્પન્ન થયો, કે તેવોજ તે કરવાથી લાભ થશે કે હાની, એનો વિચાર તેના મનમાં આવેછે. પછી કરવું એ સારૂં કે ન કરવું એ સારૂં, એવી રીતે ઘણીવાર સુધી સંકલ્પ વિકલ્પ કર્યાં કરેછે. ત્યાર પછી એ કરવુંજ અથવા નજ કરવું, એવો નિશ્ચય કરેછે. જેને નિશ્ચયાત્મક બુદ્ધિ એમ કહેછે. અને એકવાર નિશ્ચય થયો, કે ગમે તેવું કર્મ હોય, તોપણ તે કરવાથી તે જરાએ અચકાતો નથી. પછી પરિણામે તેમાં કદી ઘણુંજ દુઃખ થવાનું હોય, તો પણ શું થયું!

હવે જે એવાં કર્મ કરેછે, તે પોતે પણ જાણેછે, કે હું જે આ કર્મ કરૂંછું તેનું મારે અંતે ફળ ભોગવ્યાવિના છુટકો નથી, એમ છતાં પણ તેવાં કર્મ તે કર્યોજ જાયછે, તેનું કારણ શું? શું તે પોતે દુઃખી થવાને ઇચ્છેછે?

નહીં, એમ નથી. માણસ જે જે કર્મ કરેછે, તે તે સુખનીજ આશાથી કરેછે. પરંતુ કોઇક પ્રસંગે તે પોતાના મનોવિકારને એટલો તો વશ થઇ જાયછે, કે પછી તેમાં પરિણામે સુખ થશે કિંવા દુઃખ થશે, તેનો તેને લેશ માત્ર પણ વિચાર રહેતો નથી, તેથી તે એક અલ્પ સુખને માટે પોતાના અખંડ સુખનો નાશ કરી નાખેછે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ નામના છ વિકાર માણસની પુંઠે હંમેશાં લાગ્યા રહેછે, જેને વશ થવાથી તે અંતે પાયમાલ થઇ જાયછે.

* (૧) કામ એટલે નેત્ર અથવા શ્રવણેંદ્રિયદ્વારાએ પ્રાપ્ત થએલી માહિતી ઉપરથી સ્ત્રીને પુરૂષની અથવા પુરૂષને સ્ત્રીની પ્રાપ્તિ વિષેનો અથવા તેના દર્શન વિષેનો અભિલાષારૂપ જે મનમાં ઉત્પન્ન થતો એક પ્રકારનો વિકાર તે.

(૨) પોતાને અથવા પરને આવી પડતાં, વિતતાં અથવા ભવિષ્યમાં આવી પડનાર દુઃખ અથવા હાનીના દર્શને કરી, અથવા તે વિષે શ્રવણ કરવાથી તેના કર્ત્તાપર ઉપજતો જે વેરભાવ તેને ક્રોધ કરીને કહેછે.

(૩) પ્રાપ્ત થએલી અથવા થતી વસ્તુની વિશેષતાને વિષે જે મનની ઉત્કંઠા તેને લોભ કરીને કહેછે.

---

* કામ શબ્દનો મૂળ અર્થ એટલોજ છે કે, કોઇ પણ વિષયની અથવા વસ્તુની જે ઇચ્છા તે. પરંતુ લોકોમાં ઉપલો અર્થ વધારે પ્રસિદ્ધ છે, કારણ બીજી કોઇપણ પ્રકારની ઇચ્છા કરતાં એ ઇચ્છા વધારે પ્રબળ છે.

(૪) જેમ તડકી વેળાએ રેતીના મેદાનમાં પાણીને ભાસ થાયછે, તેમ ઘણીએક વસ્તુઓ છે, કે જે મિથ્યા છતાં ખરી જેવી ભાસેછે, દુઃખકારક છતાં સુખાકારી એવી લાગેછે, તેનો ભેદ ન સમજી, માણસ તે ખરી તથા સુખાકારી છે, એવો ભરોસો રાખી, તે ઉપર પ્રીતિ રાખેછે, તેનું નામ મોહ.

(૫) પોતાના ધન, વિદ્યા, બળ આદિકને વિષે ઉત્તમ અથવા બીજાના કરતાં વિશેષતાનો જે ભાવ, જેના યોગેકરીને માણસ બીજાને તુચ્છ ગણી તેની અવગણના કરેછે, તેને મદ કરીને કહેછે.

(૬) ઉત્તમ વસ્તુ બીજાને પ્રાપ્ત થએલી અથવા થતી જોઇને જેથી અસંતોષ ઉપજેછે, તથા તેને તે નહીંજ મળે એવા પ્રકારનો જે મનોભાવ તે મત્સર.

એ ષડ્વિકારોનું માણસ માણસમાં વત્તું ઓછું પ્રાબલ્ય હોવાથી તેઓ ભિન્ન ભિન્ન સ્વભાવ પ્રકૃતિના હોયછે. કહેવત છે કે, "જેટલી મૂર્ત્તિ તેટલી પ્રકૃતિ" એટલે એક માણસનો સ્વભાવ બીજાના સ્વભાવ જોડે બધી વાતે મળતો નથી હોતો. માણસના જન્મસ્વભાવમાં સારી અથવા માઠી સંગતથી તેમજ કેળવણીથી કેટલીએક વખતે ફેર પડે છે, પણ તેનો ઘણોખરો આધાર મૂળપ્રકૃતિ ઉપર રહે છે. કહેવત છે કે, "સૂરજને પેટ શનિશ્ચર" તેમ વિદ્વાન તથા નીતિમાન માબાપનાં છોકરાં ઘણે પ્રસંગે મૂઢ તથા બાળપણથીજ દુરાચ-

રણમાં પ્રવૃત્ત થઈ ગએલાં જોવામાં આવે છે; જેમને તેમનાં માબાપ વિદ્યાભ્યાસ કરાવવાને માટે, તથા સુમાર્ગે વર્ત્તાવવાને માટે અનેક પ્રકારે ઊપદેશ કરી યત્ન કરેછે, પણ તેમાં બધાંજ વિદ્યાવાન તથા સદાચરણી નિવડે છે એવું ક્વચિતજ બનેછે. ઘણાંક તો મરતાં સુધી પણ અભણ રહી પોતાની નઠારી ચાલ મુકતાં નથી. ને એમ થવાનું કારણ તેમની મૂળ સ્વભાવપ્રકૃતિ હોય છે.

જેમ પ્રકાશ તથા અંધકાર એક સ્થળે વાસ કરી શકતા નથી, તેમ કેવળ વિપરીત પ્રકૃતિનાં માણસો એક સંપે રહી શકતાં નથી. જે વાતમાં તેઓની પ્રકૃતિ મળતી આવે છે, તે વાતમાં તેઓ ઐક્યભાવે રહેછે, પણ જેમાં તેમની સ્વભાવપ્રકૃતિ મળતી નથી આવતી તે વાતમાં તેમને એક બીજા જોડે બનતું નથી. એવી રીતે બે રાજા કે બે રંક, બે વિદ્વાન કે બે અવિદ્વાન, બે સદાચરણી કે બે દુરાચરણી, તેમજ બે સંસારી કે બે વૈરાગી હોય તોપણ તેમની સ્વભાવપ્રકૃતિ એક બીજાની સ્વભાવ પ્રકૃતિ જોડે મળતી નથી આવવાની. આપણે બે વિરાગી સત્પુરૂષોનેજ સરખાવી જોઇશું, તો આપણને માલમ પડશે કે, એક આ દુનીયાનું સુખ ક્ષણભંગુર જાણી, માયામાં ન લપટાતાં, સર્વસંગપરિત્યાગ કરી, લોકોની સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ન રાખતાં, નિરંતર ભગવચ્ચિંતનમાં મગ્ન થએલો જોવામાં આવશે. બીજો ઉપર કહેલાની માફકજ વિરક્ત છતાં, લોકોમાં રહી, તેમને સુમાર્ગમાં લાવવા, તથા પોતાની માફક

તેઓ પરમેશ્વર ઉપર પ્રેમ રાખે તેમ કરવું, એમાંજ પોતાની ઈશ્વરભક્તિ સમજી, સદાકાળ ગુંથાએલા નજરે પડશે. જેમને પોતાનાં ભરણપોષણનાં પણ સાંસાં પડેછે, એવા ગરીબ લોકો વિષે વિચાર કરીશું, તો એક ટેકમાં રહી, પોતાની કેવળ જાતિ મેહેનતથી ઘણીજ મુશ્કેલીથી દહાડા કાઢતો, તથા બીજો ગમે તેવી રીતે લોકોની ખુશામત કરી, નજરમાં આવે તેમ વર્તી અચ્છી રીતે મોજ મારતો નજરે પડશે. એક વિદ્વાન વિનયસંપન્ન તથા સુમાર્ગે વર્તનારો, ને બીજો ગર્વિષ્ઠ તથા દુરાચરણી પણ બહારથી સદાચરણનું ડોળ દેખાડનારો એવો બગભેષી જોવામાં આવશે. એક રાજા યથાન્યાયે પોતાની પ્રજાનું રક્ષણ કરનારો, તથા બીજો ઘણું તો શું કહીએ,- એક મોટા વિસ્તીર્ણ રાષ્ટ્રનું સાર્વભૌમત્વ પામીને પણ પોતાના અખુટ ભંડારથી સંતોષ ન પામી, અનેક પ્રકારનાં છળ કપટથી પ્રજાનું દ્રવ્ય હરણ કરતો દેખાશે.

આવી રીતે માણસ માણસની સ્વભાવપ્રકૃતિમાં ભિન્નતા રાખવામાં અનેક પ્રકારના વિલક્ષણ ખેલ આ જગમાં ચાલે, એવો જગત્કર્ત્તા નાટકી પ્રભુનો સંકેત હશે. એવું અનુમાન કરી શકાય છે. જો માણસ માત્રની પ્રકૃતિ એક સરખીજ હોત, તો આ દુનીયાનો રંગ હાલ છે, તેથી કાંઈ જુદોજ તરેહનો જોવામાં આવત. સહુ માણસો ક્રૂર તથા ઘાતકી સ્વભાવનાં હત, અને પ્રી-

તિ, દયા, ક્ષમા, શાંતિ ઈત્યાદી ગુણો માણસમાં પરમેશ્વરે મુકયાજ નહીં હોત, તો પશુના કરતાં કંઈપણ સારી સ્થિતિ આપણી હોત એમ આપણાથી કહેવાશે નહીં. અર્થાત્ જ્યાં સુધી માબાપને હાથે પોતાનું પોષણ અને રક્ષણ થવાની જરૂર છે ત્યાં સુધી બાળકોને માબાપની ઓળખ રહેત; તેમજ માબાપને પણ પોતાનાં બાળકોની પછી થોડીજ ઓળખ રહી હોત. સહુ પોતપોતાના પોષણને અર્થે અરણ્ય પશુઓની પેઠે પૃથ્વીપર સંચાર કરત, એટલે હાલ જે અનેક શેહેરોની સુંદર રચના આપણા જોવામાં આવે છે, તે આવી ન હોત. હવે સહુ માણસો વિચારશીલ, તથા દયા, ક્ષમા, શાંતિ ઇત્યાદિ ગુણે કરીને સંપન્ન એવાં હત, તો તેઓ "यदृच्छालाभसंतुष्टाः" એટલે જે પ્રસંગે જે લાભ થયો તેમાંજ સંતોષ પામીને રહેલાં એવાં હત; અને જેમ કેટલાએક મહંત વનમાં મઠ બાંધીને રહે છે તેમ ઝૂપડીઓ બાંધી નિરૂપકારી હરણનાં ટોળાંની માફક રહ્યાં હોત. બધાંજ સરખાં તથા સમાધાન વૃત્તિના, એટલે એક બીજાના કરતાં વિશેષ થવાની કોઈના મનમાં સરસાઈ ન હોત; ને તેથી પણ હાલ જે નાના પ્રકારની રચના આપણા જોવામાં આવે છે તે આવી ન હોત. પરંતુ જગત્કર્ત્તા પ્રભુનો એવો હેતુ દિસે છે, કે વિલક્ષણ બુદ્ધિ તથા ચાતુર્ય બક્ષી નિર્માણ કરેલો જે મનુષ્ય પ્રાણી, તેણે સમાધાન વૃત્તિથી બેસી

પ્રસતાવના.

કોઇપણ ન્હાનો મોટો ગ્રંથ છપાઈ પ્રસિદ્ધ થયો, એટલે તેમાં શો વીષય છે, તથા તે લખવાનું શું પ્રયોજન અથવા હેતુ હશે, એ વિષેનો વિચાર દરેક સૂજ્ઞ વાંચનાર કરવા માંડે છે. હાલ ગુર્જર ભાષા બોલનારા સજ્જનોની સેવામાં જે એક નિબંધના આકારનું ન્હાનું પુસ્તક રજુ કરવામાં આવે છે, તેમાં ન્યાય અને રાજનીતિ વિષેનો સંક્ષેપમાં સાર આપેલો છે. એ નિબંધ અત્રેની "સત્ય શોધક સભા"માં તા૦ ૧૪મી ડીસેમબર સન ૧૮૭૨ ને દિવસે વાંચવામાં આવ્યો; તે પ્રસંગે જે સદ્ગૃહસ્થોના સાંભળવામાં એ આવ્યો હતો, તેમાં રા૦ રાજેશ્રી ગંગાદાસ કિશોરદાસ, તેમજ બીજા બે ચાર ગૃહસ્થોએ મને ભલામણ કરી કે, આપણા દેશી રાજ્યો માંહેના લોકોને એ વિષય વિશેષ ઉપયોગી થાય એવો છે, માટે છપાવી પ્રગટ કરવો. તેપરથી અત્રે પ્રગટ થતા માસિક પુસ્તકમાં કકડે કકડે આપવાનો જે મારો વિચાર હતો તે બંધ રાખી, આવું એક જુદુંજ પુસ્તક બહાર પાડવું એવો મેં વિચાર કર્યો.

હવે જે હેતુથી એ નિબંધ છપાવવામાં આવ્યો છે, તે હેતુ થોડો ઘણો પણ પાર પડેછે એવું અનુભવમાં આવશે, તો તેથીજ હું મારા શ્રમ સર્વ પ્રકારે સફળ થયા એમ સમજીશ.

મુકામ મુંબઈ માહે એપ્રિલ
સન ૧૮૭૩ ઈસવી.

શ્રી. ના. આઠવેલે.

ન્યાય અને રાજનીતિ.

ઈશ્વરપ્રાર્થના.

જે સર્વશકિતમાન પરમેશ્વરે આ જગત પેદા કરી, તેપર વસનારા પ્રાણીઓને અર્થે અનેક પ્રકારનાં સુખ તથા આનંદનાં સાહિત્યો નિર્માણ કરી ,પોતાની અગાધ તથા અતર્ક્ય શકિતના યોગેકરીને, મનુષ્ય પ્રાણીને તેઓ:માં મન બુદ્ધિ આદિક ઇંદ્રિઓ વડે શ્રેષ્ઠ બનાવ્યો છે; જે પોતે કારણાતીત છતે કારણોના કારણરૂપ છે; જેનાં સર્વ કામો ન્યાયે કરીને ચાલેછે, તથા જે પોતે ન્યાયસ્વરૂપ છે; જે પોતાની ઇચ્છાશકિતના યોગેકરીને વિશ્વને નચાવે છે, ઘડીમાં હસાવે છે, ને ઘડીમાં રડાવે છે; એવો જે અનેક વિધવિધ રચનાનો રચનાર, સર્વ જગતનો ચાલક, સર્વાન્તરજામી ઇશ્વર, તેને હું આ પ્રસંગે સર્વાત્મભાવે વંદન કરૂંછું

સજ્જન ગૃહસ્થો,

જેના યોગે કરીને આપણો સર્વ વ્યવહાર ચાલેછે, જેના ઉપર આપણા નિર્મળ તથા અખંડ સુખનો આ

ધારછે, જેને વડે સર્વ જગતનું જીવન છે, એવો જે ન્યાય તે વિષે, તથા તેને પ્રવર્ત્તાવનાર એવો જે રાજા તેના ધર્મ શા છે તે વિષે જાણવું, એ દરેક માણસની પેહેલી ફરજ છે.

યુધિષ્ઠિર રાજાના પિતામહ જે ભીષ્મ તેમણે રાજા પ્રત્યે કહ્યું છે, કે—

શ્લોક.

॥ लोक रंजन मेवात्र राज्ञां धर्मः सनातनः ॥
॥ सत्यस्य रक्षणंचैव व्यवहारस्य चार्जवं ॥

અર્થ—રાજાનો સનાતન એટલે અસલથી ચાલતો આવેલો ધર્મ એજ છે કે, લોકોનું રંજન કરવું, સત્યનું રક્ષણ કરવું અને ન્યાયને અનુસરી વર્ત્તવું.

અર્થાત્ દુષ્ટ જનોનો નાશ કરી પ્રજાનું પાલન કરવું, અને એવા પ્રકારની જે નીતિ તેનો ભંગ ન કરવો, એ રાજાનો ધર્મ કહેવાય. પરંતુ એ વિષે આપણે વધારે વિચાર કરીએ તેની પેહેલાં માણસને ન્યાયમાર્ગે અથવા અન્યાયમાર્ગે વર્ત્તાવવાને કારણભૂત એવી જે તેમની ભિન્ન ભિન્ન પ્રકારની સ્વભાવપ્રકૃતિ તે મૂળ પ્રકૃતિનો વિચાર કરવાની જરૂરછે, માટે પ્રથમ તે વિષેનો વિચાર કરીએ.

ન રહેતાં પોતાનું પણ ચાતુર્ય પ્રગટ કરવાને માટે નાના પ્રકારનાં કલા કૌશલ્યનાં કામો કરવાં; એવું વિચારી મનુષ્યની સમાધાન વૃત્તિ નરાખતાં, અનેક પ્રકારના રંગ કૃત્તિમાં રાખ્યા.

વળી એવું અનુમાન કરી શકાય છે, કે સૃષ્ટિને પ્રારંભે ઉપર દરસાવ્યા પ્રમાણેજ માણસોની સ્થિતિ હશે. પોતાના સંરક્ષણને અર્થે એકત્ર રહેવાની જરૂર તો ખરીજ, ને વળી સ્વાભાવિક એકલાં રહેવું ગમે પણ નહીં, તેથી જુદી જુદી જગાએ તેમનાં અનેક ટોળાં વસ્યાં; જે વખતે તેઓમાં પરસ્પરની સાથે કેમ વર્ત્તવું તે વિષે કોઈ પણ રીતના નિયમો હતા નહીં. પરંતુ માણસ માણસની પ્રકૃતિ ભિન્ન પ્રકારની હોવાથી, આગળ જેમ જેમ એક બીજાથી એક બીજાને હરકતો થતી ગઈ, તેમ તેમ અનેક જાતના નિયમો બાંધી તે પ્રમાણે વર્ત્તવા માંડ્યું; તથા તે નિયમો તોડનારને દંડ ઠરાવી, નિયમ પ્રમાણે વર્ત્તાવવાને માટે પોતપોતાનાં ટોળાં માંહેના મુખ્ય પુરૂષો જોઈ, તેમને પોતાના ઉપરી ઠરાવ્યા. એવી રીતે આ ભૂતલ ઉપર જુદે જુદે સ્થળે જે ટોળાં વસતાં હતાં, તેમનાં જુદાં જુદાં રાજ્ય સ્થપાયાં, અને એ ઉપરી તથા બીજા લોકોની વચ્ચે રાજા તથા પ્રજા એવી રીતે પરસ્પર સંબંધ થયો.

પ્રજાએ પોતાના સંરક્ષણને માટે પોતાની ઉપજમાંથી નિયમિત ભાગ રાજાને આપવો, ને તેની આજ્ઞા પા-

વાની એ પ્રજાનો ધર્મ; તેમજ રાજાએ પિતા સમાન સ-વેનું પાલન કરવું, તથા અપરાધીઓને યથાન્યાયે દંડ ક-રી, પોતાની પ્રજાને સમાધાનીમાં રાખવી, એ રાજાનો ધર્મ. કહ્યું છે કે,—

श्लोक.

अहमेव मतो महीपतेरिति सर्वः
प्रकृतिष्वचिंतयत्, उदधेरिव निम्नगाश-
तेष्वभवन्नास्य विमानना क्वचित्.

ભાવાર્થ—જેમ દરેક નદી હું જ સમુદ્રને માન્ય છું, એમ જાણી સેંકડો નદીઓ પ્રેમથી તેને જઈ મળે છે, એટલે તે નદીમાં તથા તે સમુદ્રમાં કોઈપણ રીતનો ભેદભાવ રહેતો નથી, તેમજ જે રાજાની પ્રજા તેના પર પ્યાર રાખતી હોય, તથા સર્વ લોકો એમજ સમજતા હોય, કે અમારા પર રાજાની પૂર્ણ પ્રેમદૃષ્ટિ છે, તે રાજા ઉત્તમ.

આ દૃષ્ટાંત ઉપરથી એટલો સાર લેવાનો છે, કે રાજાએ સમુદ્રના જેવો દયાનો ગુણ રાખી, સમભાવે પ્રજા-નું પાલન કરી, તેનો પ્રેમ સંપાદન કરવો. પોતાની પ્રજા-પર કોઈ પણ રીતે જુલમ કરવો નહીં, તથા જુલમ થવા દેવો નહીં; અર્થાત્ જેથી પ્રજાને પોતાને વિષે અ-ણગમો ઉત્પન્ન થાય એવું કંઈ પણ કામ ન કરવું. અ-

પરાધીઓને શિક્ષા ન મળવાથી બળવાન લોકો દુર્બળનો નિશ્ચયે નાશ કરે, માટે દંડ અવશ્ય કરવો જોઇએ. કારણ કહ્યું છે કે,—

श्लोक.

क्षमा शत्रौ च मित्रे च यतिनामेव भूषणम्

अपराधिषु सत्वेषु नृपाणाम् सैव दूषणम्

અર્થ—શત્રુમિત્રને સમાન ગણી, કરેલા અપરાધની ક્ષમા કરવી, એમાં યતિને ઘણી શોભા છે; પરંતુ અપરાધીઓને ક્ષમા કરવામાં તેજ ક્ષમા રાજામાં એક મોટો દોષ ગણાય છે.

પરંતુ જે દંડ કરવો તે અપરાધ પ્રમાણે અને ઘટે તેટલોજ કરવો. મનુસ્મૃતિમાં કહ્યું છે કે,—

श्लोक.

समीक्ष्य स धृतः सम्यक् सर्वा रंजजयति प्रजाः

असमीक्ष्य प्रणीतस्तु विनाशयति सर्वतः

અર્થ—યોગ્ય રીતે અને અપરાધ પ્રમાણે વિચારપૂર્વક જો દંડ કરવામાં આવે, તો તેથી પ્રજા સુખી થાયછે; વગર વિચારે દંડ કરવાથી સર્વ લોકોનો નાશ થાયછે.

વળી મનુ કહે છે:—

श्लोक.

अदंडयान् दंडयन् राजा दंडयांश्चैवाप्यदंडयन्
अयशो महादाप्नोति नरकं चाधिगच्छति.

અર્થ—જે રાજા નિરઅપરાધીઓને દંડ કરેછે અને અપરાધીઓને છોડી દેછે, તે અપકીર્તિને તથા નર્કને પાત્ર થાય છે.

પરંતુ કેવા પ્રકારનાં કામ કરવાથી માણસો દંડને પાત્ર થાય છે, તે વિષે આપણે પ્રથમ વિચાર કરીએ. તેઓ પોત પોતાની સ્વભાવપ્રકૃતિ પ્રમાણે જે કામો કરેછે, તેના આપણા પ્રાચીન ગ્રંથકારોએ ત્રણ વર્ગ કરેલા છે, કર્મ, અકર્મ, અને વિકર્મ; હરેક યોગ્ય કામ કરવું તે કર્મ, ન કરવું તે અકર્મ, અને તેથી વિપરીત કામ કરવું તે વિકર્મ. જેમકે બીજાને સુખ આપવું એ કર્મ, ન આપવું એ અકર્મ, અને દુઃખ દેવું એ વિકર્મ. જેમ કર્માકર્મવિકર્મ એવા ત્રણ વર્ગ કહ્યા, તેમજ પરમાર્થનાં કામો સ્વાર્થનાં કામો, અને પરપીડાનાં કામો, એવા પણ ત્રણ વર્ગ થઈ શકેછે. તેમાં પરમાર્થનાં કામો બેપ્રકારનાં હોયછે, એક કોઈ પણ પ્રકારના સ્વાર્થ વગર પોતાનું તન, મન, ધન ખરચી, કેવળ પરહિતનેજ માટે જે કામો કરવાં તે; બીજો જેમાં પોતાની પ્રશંસા થઇને પોતાને માન, યશ અથવા અન્ય કોઈ પણ પ્રકારનો

લાભ થાય માટે જે પરોપકારનાં કામો કરવાં તે. એમજ પરપીડાનાં કામો પણ બે પ્રકારનાં હોયછે, એક સ્વાર્થ સાધવામાં જે કામ કરવાથી બીજાને હાની પોહોંચેછે તે; ને બીજો જેમાં સ્વાર્થ અથવા પરમાર્થ કંઈ પણ નથી હોતો, પણ કેવળ બીજાને પીડા કરવાનેજ માટે જે કામો કરવાં તે. હવે એવાં કામો કરનારાં કેવળ પોતાનો જે દુષ્ટ તથા અદેખો સ્વભાવ તેને સંતોષ પમાડવાનેજ તે કામો કરે છે, માટે પોતાના અદેખા સ્વભાવને સંતોષ પમાડવો એટલોજ એક તેમનો એમાં સ્વાર્થ રહેલો છે, એમ કહીશું તો ચાલશે.

પ્રસિદ્ધ રાજા ભર્તૃહરિએ કહ્યું છે કે;—

श्लोक.

एकेसत्पुरुषाःपरार्थघटकाःस्वार्थपारित्यज्य ये,
सामान्यस्तुपरार्थमुद्यमभृतःस्वार्थाविरोधेन ये,
तेमीमानयवराक्षसाःपरहितंस्वार्था यनिघ्नंति
ये, येनिघ्नंतिनिरर्थकंपरहितं तेके न जानीमहे.

અર્થ—જે કોઈ સ્વાર્થ મુકીને બીજાનું કામ કરવાને શ્રમ કરેછે, તે સત્પુરૂષ કહેવાય; તથા જેઓ પોતાનો સ્વાર્થ બગડતો નહીં હોય તોજ બીજાનું કામ કરવાને ઉદ્યમ કરેછે, તેઓ સાધારણ વર્ગના ગણાય; અને

જેઓ સ્વાર્થને માટે બીજાને નુકસાન કરેછે, તેઓ મનુષ્યરૂપી રાક્ષસ કહેવાય; પણ જેઓ નિરર્થક પરહિતનો નાશ કરેછે તેમને ભર્તૃહરિ કહેછે, શું કહેવું તેની મને સુઝ પડતી નથી.

એવે પ્રકારે ભિન્ન ભિન્ન પ્રકારનાં કામો કરનારામાં જે લોકો બીજાને સુખ થાય, એવાં કર્મ કરેછે, તેઓ યથાન્યાયે વર્ત્તેછે, એમ કહેવાયછે; અને જેઓ બીજાને હાની થાય એવાં કર્મ કરેછે, અથવા સામર્થ્ય છતાં પરોપકારનાં કામો કરતા નથી, તેઓ અન્યાય કરેછે એમ કહેવાયછે. અર્થાત્ ન્યાય એટલે માણસ માત્રે પોત પોતાના પરસ્પર સંબંધના વ્યવહારમાં જેના તેને યોગ્ય હક આપવા, અથવા કોઇને યોગ્ય હક મળતા હોય તેને કોઇ પણ પ્રકારે હરકત ન કરવી તેનું નામ ન્યાય. અને ન્યાયેમાર્ગે વર્ત્તનાર તે ન્યાયી. ન્યાયી પુરૂષો કદી કંઠે પ્રાણ આવ્યા હોય, તોપણ બીજાને નુકસાન પોહોંચાડી પોતાનો બચાવ કરવાની ઇચ્છા રાખતા નથી. સારાંશ જે સદાકાળ સત્યમાર્ગે વર્ત્તનારા તે પુરૂષ ન્યાયી કહેવાય. જે પુરૂષો અન્યાયકર્મો કરેછે, તેઓ દંડને પાત્ર થાયછે; ને તેઓને યોગ્ય દંડ કરવો એ ન્યાયધીશનું કામ છે. ન્યાયાધીશોએ જે લોકોએ બીજાના હક છીનવી લીધા હોય, અથવા બીજા છીનવી લેતા હોય, તેમના હક અપાવી શકાય એમ હોય તો તેઓને પાછા અપાવવા; અને

ન અપાવી શકાય એમ હોય, તો તે છીનવી લેનારને યોગ્ય દંડ કરવો. ન્યાયી પુરૂષો ઘણા હોય, ને તેઓ પોતાથી બનતી રીતે બીજાના હક આપવાને અથવા અપાવવાને હંમેશ તત્પર રહેતા હોય, પણ જુલમગારના હાથમાંથી લોકોના હક પાછા અપાવનાર, અથવા તે જુલમગારને યોગ્ય શિક્ષા કરનાર જે રાજા અથવા તેની સત્તાથી મુક્રર થએલો એવો જે કોઈ અન્ય પુરૂષ તે ન્યાયાધીશ.

હવે એ ન્યાયાધીશ કેવો હોવો જોઇએ, એ વિષે વિચાર કરીશું, તો તે અન્યાયાધીશ હોય, તો કંઈ કામ-નો નથી એમ આપણને સહજ માલમ પડે છે. કહ્યું છે જે,—

श्लोक.

माता यदि विषं दद्यात् विक्रीणाति पिता सुतं
राजा हरति सर्वस्वं शरणं तर्हि कं व्रजेत्.

અર્થ—જો બાળકને તેની મા ઝેર ખવાડે, અથવા બાપ વેચી નાખે. તેમજ જો કોઈ પણ પુરૂષનું રાજા સર્વ હરણ કરે, તો તે બાળકે અથવા તે પુરૂષે કોને શરણે જવું ! અર્થાત્ આ ભૂતલને વિષે તેમનું રક્ષણ કરનાર કોઈજ રહ્યું નહીં.

તેમ જુલમગારના પંજામાંથી છુટવાની પૂર ઉમેદ-થી દીન થઈ, દાદને માટે પોકાર કરતા આવેલા ગરી

ઓને, ન્યાયના તેજસ્વી તખ્ત ઉપર બિરાજેલા આપણા મહાન ન્યાયાધીશ લપડાક મારીને પાછો કાહાડે, એટલે તે જે પોતાનો ખરો હક માગતો હોય, તે તેનું માગણું વાજબી નથી, અથવા બીજાને હાથે જે પીડા તેને થઈ છે એમ તે કહેછે, તે તેને હાથે થઈ નથી એમ ઠરવે, એટલે વીલે મોહોડે જેમ આવ્યા તેમ પાછા જવું, એટલેજ તેને એક રસ્તો રહ્યો. જયાં એવા ધુરંધર ન્યાય કર્તા હોય છે, ત્યાં લોકોને કેટલું દુઃખ વેઠવું પડેછે. તેનો ખધાને થોડો ઘણો પણ અનુભવ હશેજ. મુસલમાની એક કહેવત છે કે, "લેને ગઈ પુત ઔર ખો આઈ ખસમ" તેમ ઘણા ગરીબ લોકો પૈસે ટકે ખરાબ થઈ, પોતાનો ખરો હક છતાં આખર નાઉમેદ થાય છે, એવું પણ ઘણા લોકોના જોવામાં આવ્યું હશે.

યાજ્ઞવલ્ક્યસ્મૃતિ મિતાક્ષરામાં કહ્યું છે કે, જે પુરૂષ વિદ્વાન, ન્યાયશાસ્ત્રમાં નિપુણ, નિર્લોભી, તથા ક્રોધ ન કરનારો, સત્યવાદી, તથા શત્રુમિત્રને સમાન ગણનારો હોય, તેનેજ ન્યાય તપાસવાનું કામ સોંપવું.

એમાં ન્યાયાધીશ વિદ્વાન તથા ન્યાયશાસ્ત્રમાં પ્રવીણ એવો હોવો જોઇએ એમ કહ્યું, એ વાત તો વાસ્તવિક છે; કારણ અપરાધનું ખરૂં સ્વરૂપ જાણી તેને કેટલો અને કેવા પ્રકારનો દંડ કરવો જોઇએ એ વિષે યોગ્ય વિચાર કરવાની શક્તિ તેનામાં અવશ્ય જોઇએ. પરંતુ એ-

ઢલીજ એક શકિત હોય, ને બીજા જે નિર્લોભત્વાદિક ગુણો કહ્યા તે તેનામાં નહીં હોય, તો તેને હાથે યોગ્ય ન્યાય મળવાની થોડીજ આશા રાખી શકાય. ન્યાયાધીશ ઘણો ક્રોધી હોય છે, ત્યારે તે અપરાધીઓને અવિચાર-થી એકદમ મોટામાં મોટી શિક્ષા કરે છે. લોભી હોયછે તેને હાથે કેવા અને કેટલા અનર્થ થાય છે, તેનુ બરાબ-ર વર્ણન થવું પણ મુસ્કેલ છે. એવા ન્યાયાધીશ જાણે લોકો જે અપરાધ કરતા હોય તે થોડા, માટે તેમાં વધારો કરવાને રાજસત્તારૂપી શસ્ત્ર આપી, લોકોને સુખી રા-ખવાને બદલે ઉલટો વધારે ત્રાસ ઉપજાવવાને માટે રા-ખેલા હોયછે, એમ કહેવું યોગ્ય છે. વાઘને જો બકરાં ભાળવાને રાખ્યો હોય, તો તે કેવી રીતે તેમની સંભાળ લેશે એ દેખીતું છે. કહ્યું છે કેઃ—

श्लोक.

रविरपि न दहति यादृक् तादृक् द-
हतिवालुकानिकरः, अन्यस्माल्लब्ध-
पदो नीचः प्रायेण दुःसहो भवति.

ભાવાર્થ—મહાન પ્રખર એવો જે સૂર્ય તે જેટલો તાપ દેતો નથી, તેટલો તેનાથી જેને તાપરૂપી ગુણ મળે-લો છે એવો જે વાલુકાસમૂહ (રેતીનો ઢગ) તે તાપ દેછે

તેમ બીજાથકી અધિકાર પ્રાપ્ત થએલો એવો જે નીચ પુરૂષ તે ઘણુંકરીને લોકોને ઘણો જુલમી થઈ પડે છે.

કહેવત છે કે, "જર ચાહે સો કર" હરેક વાત જે બનવી મુશ્કેલ હોયછે, તે પૈસાથી સહજ બની શકે છે. લોભી ન્યાયાધીશના રાજ્યમાં જે દોષી હોય છે, તે ઝટ છુટી જાય છે, ને ગરીબ નિર્દોષી જોતાં જોતાંમાં બંધાઈ જાય છે. કારણ આ જગતમાં માણસોને ભ્રમણમાં નાખ-નાર કનક ને કામિની એના જેવી બીજી એકે વસ્તુ નથી. કહ્યું છે કેઃ—

श्लोक.

॥ वेधा द्वेधा भ्रमं चक्रे कांतासु कनकेषु च ॥
॥तासु तेष्वप्यनासक्तः साक्षाद्भर्गो नराकृतिः॥

અર્થ—જગત્કર્તા બ્રહ્મા કામિની અને કનક એમને વિષે બે પ્રકારનો ભ્રમ ઉત્પન્ન કરતા હવા; એવે પ્રકારે ભ્રમણામાં નાખનાર જે એ બે વસ્તુ તેમને વિષે જે પુરૂષ આસક્ત થતો નથી, તે નરાકૃતિ સાક્ષાત્ ઈશ્વર છે એમ સમજવું.

માટે એ બે વસ્તુથી કદી મોહ ન પામનારો એવો ન્યાયાધીશ હશે, તોજ તે લોકોને વાજબી ઈનસાફ આપી શકશે.

વળી ન્યાયાધીશ સર્વને વિષે સમભાવ રાખનારો એવો હોવો જોઇએ એમ કહ્યું, તેનું કારણ, જો તે પોતાના વર્ણાશ્રમધર્મને વિષે ખોટું અભિમાન રાખી, બીજાની જાતિનો અથવા ધર્મનો દ્વેષ કરતો હશે, તો અન્ય જાતિના અથવા ધર્મના લોકોને ખરો ન્યાય આપવામાં તેનાથી સહજ આળસ થવાનો સંભવ છે. સારાંશ ન્યાયની ગાદીએ બેઠા પછી ત્યાં પોતાના સ્વજન આવે કે પારકા આવે, શત્રુ કે મિત્ર, તોપણ તેમને જે વાજબી ઈનસાફ હોય, તેજ આપનારો એવોજ ન્યાયાધીશ જોઇએ. જે શિક્ષા એક ત્રાહિતને તેજ પોતાના પેટના છોકરાને, કે સગા ભાઇને કરેલીછે, એવું પણ કેટલાએક ન્યાયાધીશો વિષે આપણા જોવામાં અથવા સાંભળવામાં આવ્યું હશે કહ્યું છે કેઃ—

श्लोक.

पिता वा यदि वा भ्राता पुत्रो वा यदि वा सुहृत्
प्राणच्छेदकरा राज्ञा हंतव्या भूतिमिच्छता.

અર્થ—બીજાનો પ્રાણનાશ કરનાર એવો પુરૂષ, પછી તે પોતાનો બાપ, ભાઈ, પુત્ર, અથવા બીજો કોઈ સંબધી હોય, તોપણ જે રાજા પોતાનું કલ્યાણ ઈચ્છતો હોય તેણે તેને જીવથી મારી નાખવો.

ભીષ્માચાર્યે યુધિષ્ઠિરને કહ્યું છે, કે—

श्लोक.

॥ गुरोरप्यवलिप्तस्य कार्याकार्यमजानतः ॥
॥ उत्पथप्रतिपन्नस्य दंडो भवति शाश्वतः ॥

અર્થ—કોઈ પુરૂષ ઉન્મત્ત હોવાથી કરવું શું, અને ન કરવું શું, તેનો વિચાર ન રાખતાં અન્યાયમાર્ગે વર્તતો હોય, ને તે કદી પોતાનો ગુરૂ હોય, તોપણ રાજાએ તેને નિશ્ચયે કરીને દંડ કરવો.

રાજા દુર્યોધન પોતાની પ્રજાને કેવે પ્રકારે દંડ કરતો હતો, તેનું ભારવિ કવિએ નીચે પ્રમાણે વર્ણન કરયુંછે-

श्लोक.

॥ वसूनि वांछन्नवशो न मन्युना ॥
॥ स्वधर्म इत्येष निवृत्तकारणः ॥
॥ गुरूपदिष्टेन रिपौ सुतेपि वा ॥
॥ निहंति दंडेन स धर्मविप्लवं ॥

ભાવાર્થ—જીતેંદ્રિય એવો જે રાજા દુર્યોધન તે નિર્લોભી તથા શાંત હોવાથી દ્રવ્યલાભે કરીને અથવા ક્રોધે

કરીને કોઇને દંડ કરતો નહીં; જેથી ધર્મની મર્યાદા એ ળંગાય નહીં એવે પ્રકારે, પોતાના શાસ્ત્રજ્ઞ એવા પ્રતિનિધિના ઉપદેશ પ્રમાણે, પોતાનો શત્રુ કે પુત્ર હોય, તોપણ તેને ઘટતો દંડ કરતો. કારણ એવી રીતે વર્તવું એ પોતાનો સ્વધર્મ છે, એમ તે સારીપેઠે સમજતો હતો.

લોકોને વાજબી ઇનસાફ હોય તેજ આપવો, એમ વિચારી, માણસ ગમે તેટલી કાળજી રાખે, તોપણ તેને હાથે કેટલેક પ્રસંગે અન્યાય થવાનો સંભવ છે; વળી આગળ જે ન્યાયાધીશમાં કેટલાક ગુણ અવશ્ય હોવા જોઇએ એમ કહ્યું, તે સર્વ એક માણસમાં હોય કે નહીં હોય, માટે એકથી વધારે ન્યાયાધીશોએ ન્યાયની ગાદીએ બેસી ન્યાય કરવો, એવા પ્રકારના લેખ અસલની કેટલીએક રાજનીતિમાં જોવામાં આવે છે, ને હાલ પણ તેવું કેટલેએક ઠેકાણે પ્રત્યક્ષ નજરે પડે છે.

આપણા સ્મૃતિકાર મનુ તથા કાત્યાયન એમનો એવો અભિપ્રાય છે કે, રાજા પોતે ઇનસાફ કરવા બેસે તે વખતે, ન્યાયનું કામ કરવાને યોગ્ય એવા બીજા ત્રણ સભાસદોને સાથે લઈ ન્યાયનું કામ તપાસવું. બૃહસ્પતિએ એવા સભાસદો સાત અથવા પાંચ, નહીં તો ઓછામાં ઓછા ત્રણ રાખવાની ભલામણ કરી છે.

એવા સભાસદો રાખી પોતાના પ્રતિનિધીના મત પ્રમાણે રાજાએ ન્યાય કરવો. એ વિષે નારદનું એક વચન છે કેઃ—

श्लोक.

॥ धर्मशास्त्रं पुरस्कृत्य प्राड्विवाकमते स्थितः ॥
॥ समाहितमतिः पश्येद्व्यवहाराननुक्रमात् ॥

અર્થ—ધર્મશાસ્ત્રને અનુસરીને ન્યાયના કામમાં સલાહ લેવાને, ધર્મશાસ્ત્ર ઉત્તમ પ્રકારે જાણનારો એવો રાજાએ જે પોતાનો પ્રતિનિધી કરી રાખ્યો હોય, તેના મત પ્રમાણે શાંત સ્વભાવથી એક પછી એક ન્યાયનાં કામ તપાસવાં.

ન્યાયનો આધાર સાક્ષીઓ ઉપર રહેલો હોયછે. માટે તેમને વિષે આ પ્રસંગે થોડુંએક બોલવાની જરૂર છે. સાક્ષીઓ એ ન્યાયના સ્તંભ છે, માટે તેજ જો માંહેથી પોલા કે સડેલા હશે, તો ન્યાયની ઇમારત તુટી પડશે. હરેક વાત જે પ્રત્યક્ષ નજરે દીઠી હોય, તે ન્યાયાધીશને જાહેર કરી, તેનો ખરો ઇનસાફ કરવાને સુગમ પાડે, માટે સાક્ષીઓ છે. તેજ જો ખરૂં ખોટું સમજાવી તે ન્યાયાધીશને આડે રસ્તે લઈ જાય, તો તેનો દોષ જેટલો ન્યાયાધીશને માથે નથી, એટલો તે શાક્ષીઓને માથે રહે છે. સાક્ષીઓ ખરૂં ખોટું સમજાવનારા હોય છે. માટે ન્યાયાધીશોએ તેમના ભાષણ ઊપરથી તથા આકાર ઉપરથી તે જે કહેછે, તે ખરૂં હશે કે ખોટું, તથા જેના પક્ષમાં એ સાક્ષી આપેછે, તેની સાથે એને કેટલો

અને કેવા પ્રકારનો સંબંધ છે, તેનો પુરો વિચાર કરવો. તોપણ એ વાત સારી પેઠે ધ્યાનમાં રાખવી, કે પોતાના ગમે તેવા સ્નેહી કે સંબંધી હશે, તોએ ખરું હશે તોજ તેના પક્ષને પુષ્ટિ આપે એવું ભાષણ તેઓ કરશે, અમસ્તું મિથ્યા ભાષણ કોઈ કાળે કરવાના નથી, એવા પુરૂષો પણ ઘણા હોય છે. માટે તેવો કોઈ ગૃહસ્થ હોય, ને તે પક્ષકારનો સગો અથવા સંબંધી હોય. તોપણ તેના ભાષણ ઉપર વિશ્વાસ રાખવાથી ન્યાયાધીશે કંઈ પણ ભૂલ કીધી, એમ કહેવાશે નહીં. ધૂર્ત્ત પુરૂષો હોય છે, તે કહેનાર સાચું કહે છે કે જુઠું તે ઝટ વર્ત્તી શકેછે.

વળી સર્વ માણસો ન્યાયશાસ્ત્ર જાણનારા હોયછે એમ નથી હોતું. માટે તેઓના હક યોગ્યરીતે ન્યાયધીશ આગળ માગવાને, તથા કાયદાની રૂએ પોતાનો હક સાબીત કરવા માટે, તે હક માગનારની તરફથી જે મુખત્યાર નિમવામાં આવેછે તેમની, અથવા એ કામ કરનારા જેઓ હાલને સમયે વકીલોને નામે ઓળખાયછે, તેમની ફરજ શી છે, તે વીષે ટુંક વિચાર જણાવુંછું.

એ અખત્યારી અથવા વકીલોએ પોતાના અસીલનું કામ તન મનથી કરવું, એટલે તે પાર પાડવામાં કોઈ પણ પ્રકારે પોતાની તરફથી કસુર કરવી નહીં. પોતાની મેહેનતના બદલામાં જેટલી હકસાઈ લેવી ઘટે, તેથી વધારે લેવી નહીં; તથા ખરચને માટે લીધેલા પૈસાનો બરાબર હિસાબ પોતાના અસીલને આપી દેવો. અને

તેના હકનો મળેલો પૈસો અથવા મિલકત, તેને સ્વાધીન કરવામાં કોઈપણ રીતે દગો કરવો નહીં. વળી એ પણ એક મોટી વાત ધ્યાનમાં રાખવી, કે પ્રતિપક્ષી ગમે તેવી લાલચ બતાવતો હોય, તોપણ તેના પક્ષને પુષ્ટિ આપવામાં અંદરખાનેથી સામેલ થઈ મદદ કરવી નહીં, અથવા તેના પક્ષને સહજ પુષ્ટિ મળે, એવા હેતુથી પોતાના અસીલનો હક સાબીત કરવામાં ધારા વગેરેની મજબુતી બતાવવાને આળસ કરવું નહીં. કારણ એમ કરવાથી કૃતઘ્નતા તથા વિશ્વાસઘાત એ બે દોષ તેને માથે આવી પડેછે.

કદાચિત્ આપણે એવી કલ્પના કરીએ, કે ન્યાયાધીશો જોઈએ તેવા, અને લોકોને ખરો ઇનસાફ આપનારા એવા છે; તોપણ શું થઈ ગયું? આ જગતમાં જેટલા અપરાધ થાયછે, તેનો સહસ્રાંશ પણ અજવાળામાં આવતો નહીં હોય, એવું આપણને કબુલ કરવું પડશે. દરેક કુટુંબમાં રોજના થતા કંકાસ, ન્યાતોની ભાંજગડો, અનેક પ્રકારના ઠગ લોકોના કાવતરાં, ઉપરીઓનો અથવા બળવાન લોકોનો જુલમ, એ બધા શું અજવાળામાં આવેછે? નહીં. એવા પ્રકારના જેટલા અન્યાય થાયછે, તેટલા સર્વ આઆ લોકોના જાણવામાં પણ આવતા નથી, અને જેટલા લોકોના જાણવામાં આવેછે, તેટલા બધા ન્યાયની દરબારમાં આવતા નથી.

મિત્રો, દરેક કુટુંબના વડીલ માણસો તેજ તે કુટુંબના ન્યાયાધીશ છે. તેમજ ન્યાતના મહાજન શેઠીયાઓ,

ધર્મ કે પંથના ચલાવનારા ધર્માધિકારી અથવા ધર્મગુરૂઓ, તે તે ન્યાતના, ધર્મના કે પંથના લોકોને વર્ત્તાવનાર હોયછે, માટે તેઓ ન્યાયી હોવા જોઇએ. તેઓ અન્યાયી હોયછે, ત્યારે બીજા લોકોને તેમના યોગ્ય હક ન મળવાથી તેઓ ઘણાજ નાખુશ થાય છે; ને તે કુટુંબોમાં, તે ન્યાતોમાં કે તે પંથમાં ઘણા પ્રકારના ટંટા ઉત્પન્ન થાયછે. તેમાં કેટલાએક દહાડા સુધી તો તેઓ બિચારા જે થોડું ઘણું નુકસાન થાયછે, તે ખમી ચુપ બેશી રહેછે, પણ જ્યારે તે ઉપરીઓનાં કામ છેક હદની બાહાર જવા માંડેછે, એટલે તેમની જે કંઈ એકાદો દુષ્ટ વાસના હોયછે, તે પાર પાડવાને માટે બીજા લોકોને ઘણુંજ દુઃખ દેવા માંડેછે, ત્યારે તેમને તેઓની સામા થવાની ફરજ પડેછે; કાંતો "दूरतः परिवर्जयेत्" તેમ એવા ખરાબ લોકોથી જેમ અળગા રહેવાય, તેમ રહેવાની તેઓ કોશિશ કરેછે. હવે આ મારા કહેવા ઉપરથી કોઇએ એમ ન સમજવું, કે ઉપર દર્શાવ્યા પ્રમાણે ઉપરીઓજ ખરાબ હોય છે, ને બીજા લોકો નથી હોતા; પણ જ્યાં મૂળમાંજ સળો પેઠો હોય, એટલે જેમના ઉપર ઘણા લોકોના સુખનો આધાર રહેલો, તેજ લોકો એવા અન્યાયી હોય, તો બીજા બિચારા સુખી થાય, એવી થોડીજ આશા રાખી શકાય. માટે પોતાને જે એક માનવંત અધિકાર મળેલો તેની થોડી ઘણી પણ શરમ રાખી, અન્યાય માર્ગે કદી વર્ત્તવું નહીં, એ તેમને ઘટારતછે.

જે કુટુંબોમાં નાના મોટા સહુ સહુનો પંથ ન્યારો હોય છે, જ્યાં બધાજ એમ સમજેછે, કે હુંજ ડાહ્યો છું અને મારા હુકમ પ્રમાણે અથવા વિચાર પ્રમાણે બીજા સર્વ વર્ત્તે, તે કુટુંબોના માણસોને એક બીજાનો સમાગમ ગમતો નથી, તેથી જે સુખ મેળવવા માટે તેઓ રાત્ર દિવસ શ્રમ કરી વલખાં મારેછે, તે તેઓને પ્રાપ્ત ન થતાં ઉલટા તેઓ વધારે દુઃખમાં આવી પડેછે. કહ્યુંછે, કેઃ—

श्लोक.

॥ सर्वे यत्र विनेतारः सर्वे पंडितमानिनः ॥
॥ सर्वे महत्त्वमिच्छंति तद्वृंदमवसीदति ॥

અર્થ—જ્યાં બધાજ હુકમ ચલાવનારા હોયછે, જ્યાં બધાજ મોટાઈ ઇચ્છેછે, ને એમ સમજેછે, કે હુંજ ડાહ્યો છું તે મંડળ (કુટુંબ) નાશ પામેછે.

માટે સઉથી ઉત્તમ તથા સુખાકારી રસ્તો એટલોજ છે, કે સઉએ ન્યાયમાર્ગે વર્ત્તવું, કારણ જ્યાં સંપ છે. ત્યાં સુખ છે; ને તે સંપ સહુ માણસો ન્યાયી હોય, તોજ રહેછે. જે કુટુંબોમાં સંપ નથી હોતો, અને હંમેશ કલહ ચાલેછે, તે કુટુંબોનો નાશ થાય છે; માટે સઉએ એક બીજાની યોગ્ય સલાહ પ્રમાણે વર્ત્તો કોઇએ કોઇનું મન દુખવાવું નહીં, એ ઉત્તમ પક્ષ છે. કહ્યુંછે કે.—

श्लोक.

॥ युक्तियुक्तमुपादेयं वचनं बालकादपि ॥
॥ अन्यत्तृणमिव त्याज्य मप्युक्तं पद्मजन्मना ॥

અર્થ—યોગ્ય વચન એક બાળકનું પણ માન્ય કરવું, પરંતુ અયોગ્ય વાત કદી બ્રહ્મા આવીને કહે, તોએ તેનો ત્યાગ કરવો.

જે કુટુંબોનાં માણસો એક બીજાના વિચારોને અનુસરી ઐક્યભાવે રહેછે, તેજ કુટુંબો સર્વસંપત્તિમાન અને સુખી થાયછે. ભારવિ કવિએ કિરાત કાવ્યમાં કહ્યુંછે, કેઃ—

श्लोक.

॥ स किंसखा साधु न शास्ति योधिपं, हिता- ॥
॥ न्न यः संश्रृणुते स किंप्रभुः सदानुकूलेषु हि ॥
॥ कुर्वते रतिं नृपेष्वमात्येषु च सर्वसंपदः ॥

અર્થ—રાજાને જે યોગ્ય સલાહ આપતો નથી તે મંત્રી દુષ્ટ કેહેવાય. તેમજ જે રાજા પોતાના આપ્તજનોનાં હિતકારક વચન સાંભળતો નથી, તે રાજા પણ દુષ્ટ કેહેવાય. જ્યાં રાજા તથા તેમના મંત્રી એક બીજાને અનુકુળ હોયછે, ત્યાં સર્વસંપત્તિ વાસ કરેછે.

ઊપલો શ્લોક દરેક રાજ્યકર્ત્તા મંડળને, તથા દરેક ગ્નાતિના લોકોને, તેમજ દરેક કુટુંબનાં કે વર્ગના માણસોને પોતાના હૃદયમાં ખરેખરૂં નોંધી રાખવા લાયક છે, એમ સહુ કોઈ માન્ય કરશે.

હવે જે લોકો સામર્થ્ય છતાં પરોપકાર કરતા નથી; તેઓ પણ અન્યાયી છે એમ આગળ કહ્યું, માટે તે વિષે અત્રે એક બે બોલ કહું છું. કારણ કોઈ કહેશે, કે અમે અમારી જાતિ મેહેનતથી મેળવીએ છીએ, તે બીજાને કદી નહીં આપીએ, માટે એમાં અમારો શો અપરાધ છે? મિત્રો, જો તેઓ થોડો ઘણો પણ વિચાર કરશે, તો તેઓને માલમ પડશે, કે પરમ કૃપાળુ પરમેશ્વરે આ દુનિયામાં જે જે વસ્તુ સરજી છે, તે સર્વપ્રાણી માત્રના સુખને અર્થે છે. આપણે સર્વ તે કિરતારનાં બાળક છીએ, ને તે આપણ સર્વનો પિતા છે. માટે આપણામાંથી જેઓને તેણે સામર્થ્ય બક્ષ્યું છે, તેઓ તેના સરજેલાં જે ઊત્તમ ક્ષેત્ર તેનાં મધુર ફળ એકલપેટા થઈ, પોતેજ ખાઈ જઈ, બીજા અનાથ ભાંડુઓને જરાએ ચખાડતા નહીં હોય, તો તે દીનદયાળ પિતાનો તેમને વિષે કેવો વિચાર થશે, એનું અનુમાન સહજ કરી સકાય તેમ છે. મિત્રો, પ્રભુએ સામર્થ્યવાન પુરૂષોની ઊદારતા કસી જોવાનેજ, આવી રીતે કેટલાએક બળવાન તથા કેટલાએક નિર્બળ એમ નહીં કરયા હોય, એમ આપણથી કેમ કેહેવાય? જગાંતમાં જે ભાતભાતની વિચિત્રતા પ્રભુએ મુકી છે, તે-મ

તેના ઘણા સાંકેતિક હેતુ છે, તેનું મર્મ ન સમજી, જે માણસો નજરમાં આવેછે તેમ વર્ત્તે છે, તેઓ ખરેખરા તેના અન્યાયી છે; ને તેમને કદી અહીં નહીં, તોપણ પરમેશ્વરને ત્યાં પોતાનાં કર્તુકોનો બેશક જવાબ આપવો પડશે. કહ્યું છે કે "પૈસો, જુવાની અને આવરદા એ વિજળીના જેવાં ચંચળ છે." "જાયા તે જાવાના" એટલે જેટલી દૃશ્ય વસ્તુ છે, તેનો વેહેલો મોડો પણ નાશ થવાનોજ. રાવણ સરખા જે મહાન સંપત્તિમાન થયા, તેઓ પણ આખર જેમ આવ્યા તેમ ચાલ્યા ગયાછે, માટે "હાથે તે સાથે" એ જે આપણામાં કહેવત છે, તે સહુએ નિરંતર ધ્યાનમાં રાખવી. કારણ કાળની ચપેટમાં ક્યારે આવીશું તેનો જરાએ ભરોસો રાખી શકાતો નથી.

હવે આપણા વિષયનું બીજું અંગ જે રાજનીતિ તેનો વચાર કરીએ.

મિત્રો, રાજનીતિ એ ન્યાયથકી કંઈ એક જુદો વિષય છે એમ નથી. પરંતુ સાધારણ ન્યાય એમ કહેવા કરતાં રાજનીતિ એ શબ્દથકી કંઇએક વિશેષ પ્રકારનો અર્થબોધ આપણને થાયછે, તે એવો કે, જે ન્યાયે કરીને રાજાને વર્ત્તવું પડેછે, એટલે પોતાની પ્રજાને ન્યાયમાર્ગે વર્ત્તાવી તેના સુખનાં સાહિત્યો હમેશ સિદ્ધ રાખવાને માટે રાજાને જે નિયમો પાળવા પડેછે, તેને આપણે રાજનીતિ એમ કહીએ છીએ. હવે એ નિયમો કંઈ થોડા અને જેવા

તેવા નથી. જુદા જુદા દેશના પ્રાચીન તેમજ અર્વાચીન પંડિતોએ એ વિષય ઊપર મોટમોટા ગ્રંથ રચેલા છે. માટે એ વિષે આવા ટુંકા નિબંધમાં મનમાનતી રીતે તે કેમ વિચાર આપી શકાય? પરંતુ એમાં મુખ્ય મુખ્ય વાતો કઇ કઈ હોવી જોઇએ તેનો સંક્ષેપમાં સાર આ પ્રસંગે બનતી રીતે આપવો, એવો મારો હેતુ છે.

રાજનીતિ વિષે વિચાર કરતાં રાજ્ય મુખ્ય ત્રણ પ્રકારનાં હોયછે, એ વાત પેહેલી આગળ આવે છે. એટલે કેટલાંક રાજ્ય રાજસત્તાક હોયછે, જેનો કારભાર ચલાવવાનો અધિકાર કેવળ રાજાનાજ હાથમાં રેહેછે. બીજાં કેટલાંએક રાજ્ય એવાં હોય છે, કે તેમાં રાજ્યકારભારની લગામ રાજા અને પ્રજા એ બન્નેના હાથમાં હોય છે; અને ત્રીજાં પ્રજાસતાક રાજ્ય હોય છે, જેમાં પ્રજા પોતાનામાંથી લાયક પુરૂષો જોઈ તેમના હાથમાં પોતાના ઊપર અમલ ચલાવવાને સત્તા આપેછે, ને તેમાંથી કોઇપણ પુરૂષ નાલાયક માલમ પડયો, તો તેને તે દૂર પણ કરી શકે છે.

હવે એમાંથી કેવા પ્રકારનું રાજ્ય હોય તો પ્રજા સુખી થાય, એ વિષે આપણે આ વખત વિચાર કરવાની જરૂર નથી; તોપણ હું એટલું તો કહી શકું છું કે, જો તેમની રાજનીતિ તે ખરેખરી રાજનીતિ હોય, તો એમાંથી કોઇપણ પ્રકારનું રાજ્ય હોય તોપણ તેની પ્રજા સુખી રહે, એમાં કશો સંદેહ નથી. કારણ સુખનું મૂળ ન્યાય છે, અને જે રાજા અથવા રાજ્યકારભાર ચલાવનારૂં મંડળ

અન્યાયમાર્ગે વર્તેછે, તેમની રાજરીતિને રાજનીતિ એ સંજ્ઞાજ આપી શકાતી નથી.

મહાભારત શાંતિપર્વમાં કહ્યું છે, કે:—

श्लोक.

॥राज्ञ: प्रमाददोषेण दस्युभि: परिमुष्यताम्॥
॥अशरण्य: प्रजानां य: स राजा कलिरुच्यते॥

ભાવાર્થ—જે રાજાના ઉન્મતપણાથી તેની પ્રજા ચોર અથવા જુલમગારને હાથે લુટાતી હોય, ને તેનું તે રક્ષણ કરતો નહીં હોય, તો તે રાજાને કલિ કહેવો.

ત્યારે હવે જે પોતેજ અન્યાયી હોય, ને પ્રજાને પીડા કરતો હોય તેને શું કહેવું! અને એવા રાજાની જે રાજરીતિ તે નીતિ પણ કેમ કહેવાય!

માટે રાજા તેમજ તેનું પ્રધાનાદિક મંડળ એ ઘણુંજ ન્યાયી હોવું જોઇએ. કારણ રાજ્યકારભાર ચલાવનારા મુખ્ય અધિકારીઓ વિદ્વાન તથા નીતિમાન હશે, તો તેઓ પોતાથી ઉતરતી પંક્તિના અધિકારીઓ પણ તેવા લાયક જોઇને રાખશે, તેમજ જો કોઈ નાલાયક માલમ પડયો, તો તેને દૂર કરવાને પણ તેઓ કદી ચુકશે નહીં. એવી રીતે નાનાથી તે મોટા સુધી જો બધા અધિકારીઓ ન્યાયી હશે, ને તેઓ પ્રજાને સુખી રાખવા માટે હંમેશાં કાળજી રાખતા હશે, તો તેમની પ્રજા બેશક સુખી રહેશે.

રાજા તથા તેમનું પ્રધાનાદિક મંડળ કેવી રીતનું હોવું જોઇએ, તે વિષે આગળ જે એક દૃષ્ટાંત દાખલ કિરાત-કાવ્ય માંહેનો "स किंसखा साधु न शास्ति योधिपं" એ શ્લોક લીધો છે, તે આ ઠેકાણે પાછો યાદ લાવવાની જરૂર છે.

હવે રાજાએ પોતાનો કારભાર રૂડી રીતે ચલાવવાને માટે જુદા જુદા કામોની વ્યવસ્થા કેમ રાખવી, તે વિષે અત્રે કહેતો નથી. કારણ એ વિષેની વ્યવસ્થા બધા રાજ્યોમાં ઘણું કરીને ઠીક રાખેલી હોય છે. પરંતુ તેમાં જે નીતિ જાળવવાની જરૂર છે, જે નહીં જાળવ્યાથી રાજા અન્યાયી ઠરી પ્રજા દુઃખી થાય છે, તે વિષેના માત્ર વિચાર આ પ્રસંગે જણાવું છું.

પ્રથમ રાજાએ રાજ્યકારભારમાં પોતાને હાથે અનીતિ થાય નહીં, માટે પોતાને પ્રસંગે પ્રસંગે યોગ્ય સલાહ આપનારા, દીર્ઘ દૃષ્ટિવાળા, નીતિમાન તથા વિદ્વાન સાત અથવા આઠ મંત્રી રાખવા. એ વિષે મનુ કહે છે કેઃ—

श्लोक.

मौलान् शास्त्रविदः शूरान्,
लब्धलक्षान् कुलोद्भवान्;
सचिवान्सप्त चाष्टौ वा,

प्रकुर्वीत परीक्षितान्.

ભાવાર્થ—જેમના વડીલો અસલથી રાજ્યકારભાર ચલાવતા આવ્યા હોય, જેઓ શાસ્ત્ર જાણનારા તથા શૂરા હોય, જેઓ કાર્યાકાર્યપર પૂર્ણ રીતે લક્ષ પોહોંચાડી શકે એવા હોય, જેઓ ઉંચ કુળના, એવા સાત અથવા આઠ મંત્રી રાજાએ પરીક્ષા કરીને રાખવા.

બીજું રાજાએ સહાય કરનારા કેવા રાખવા એ વિષે ભીષ્માચાર્ય શાંતિ પર્વમાં કહે છે કેઃ—

श्लोक.

शूरान्भक्तानसहार्यान्कुले जाता न रोगिण:
शिष्टान्शिष्टाभिसंबंधान्मानिनो नवमानिनः
विद्याविदो लोकविद: परलोकान्ववेक्षकान्
धर्मे च निरतान्साधनचलानचलानिव
सहायान्सततं कुर्याद्राजा भूमिपरिष्कृतः
तैश्च तुल्यो भवेद्भोगैश्छत्रमात्राज्ञयाधिकः.

અર્થ—શૂરા, ભક્ત, બીજા થકી ફસાઈ ન જનારા, કુલીન, નિરોગી, શિષ્ટ (ઉત્તમ રીતે વર્તનારા) તથા જેઓના સર્વ પરિવાર શિષ્ટ હોય એવા, માનવંત, તથા બીજા-

ને અપમાન ન પોહોંચાડનારા એવા, વિદ્વાન તથા લોક-વ્યવહાર જાણુનારા, પરલોકને વિષે દૃષ્ટિ રાખનારા, ધર્મને વિષે અત્યંત તત્પર, સાધૂ (પરોપકારી) ને પોતાના હરેક વિચારમાં પર્વતના જેવા સ્થિર, ઐશ્વર્યે કરીને યુક્ત, એવા પ્રકારના સહાય રાજાએ કરવા. જેઓને ભોગ ભોગવવામાં પોતાની બરાબરીના કરી રાખવા, તેમાં છત્ર તથા આજ્ઞા એટલામાં માત્ર રાજાએ વિશેષ રહેવું.

એઓએ રાજ્યકારભાર નીતિથી ચલાવવાને રાજાને સહાય કરવી. તેમજ રાજા અન્યાયમાર્ગે જતો હોય, તો તેને અટકાવવો. એ વિષે કાત્યાયન કહે છે કે:–

श्लोक.

अन्यायेनापि तं यांतं येनुयांति सभासदः
तेपि तद्भागिनस्तस्माद्बोधनीयः स तैर्नृपः

ભાવાર્થ—અન્યાયમાર્ગે વર્ત્તનાર એવો જે રાજા, તેને અનુસરીને જે મંત્રીઓ તથા સભાસદો વગેરે વર્ત્તે છે, તેઓ પણ તેના દોષના વિભાગી થાય છે; માટે તેઓએ તે રાજાને બોધ કરવો એ તેમની ફરજ છે.

એવા સભાસદો તથા રાષ્ટ્ર માંહેની પોતાની પ્રજાની તરફના વિદ્વાન તથા નીતિમાન, પ્રજાના સુખ દુઃખની વાતો જાણુનારા, એવા બીજા કેટલાએક પુરૂષો જોઈએ તેમની સલાહ પ્રમાણે ઉત્તમ રીતે વ્યવહાર ચાલી શકે.

અને પ્રજા સુખી રહે, એવા પ્રકારના ધારા રાજાએ બાં-
ધવા. એ ધારા પ્રજાની પાસેથી પળાવવામાં જેમ સર્વ
કાર્યભારી મંડળે કાળજી રાખવી, તેમજ તે પોતે પાળવા-
માં ઘણાજ દૃઢ રહેવું. રાજાએ પણ પોતે હું. સર્વોપરી
શ્રેષ્ઠ છું, એમ જાણી ધારાથી ઊલટી ચાલ કોઈ કાળે પ-
ણ ચલાવવી નહીં. કારણ તેણે ધારો તોડયો, એટલે બી-
જા કાર્યભારીઓ પણ તેમ કરવાને સહજ અચકાતા નથી,
તેથી આખું રાજ્યકાર્યભારી મંડળ અન્યાયમાર્ગી થાય-
છે; અને પ્રજામાં ઘણો જુલમ તથા અનીતિ પ્રસરી જ-
વાથી પ્રજા ઘણી દુઃખી થાય છે.

હવે પ્રજાના રક્ષણને અર્થે જે ધન લેવું તે જેટલું
લેવાની અવશ્યકતા હોય તેટલુંજ લેવું; અને તે લેવામાં
કોઈપણ પ્રકારનો વેરો નાંખતી વેળાએ પ્રજાથી તેટલો ખ-
માશે કે નહીં, અથવા તે જાતનો વેરો તેને જુલમી લા-
ગશે કે કેમ, તેનો પુરતો વિચાર કરવો. તેમજ પ્રજાની પા-
સેથી લેવાતો કર જો તેનાથી ખમી શકાતો નહીં હોય, તો
તે ઓછો કરવાને માટે બનતી રીતે ખરચ ઘટાડવાને પ્ર-
યત્ન કરવો. સારાંશ પ્રજાની આબાદીને કોઈપણ રીતે નુ-
કસાન થાય નહીં તેમ રાખવું.

પ્રજાની પાસેથી લીધેલું ધન તે પોતાનું નથી પણ
પ્રજાનુંજ છે, એમ જાણી તેનો કોઈપણ પ્રકારે ખોટો વ્ય-
ય કરવો નહીં. પોતાનો ખાનગી ખરચ નિયમિત પણ
પોતાની માનવંત પદવીને છાજે એવો રાખવો. તેમજ રા-

જ્યકારભાર ચલાવનારા અમલદારોને તેમની યોગ્યતા પ્રમાણે સારી રીતે નિર્વાહ થઈ શકે, અને તેમને કોઈપણ રીતે નાખુશ થવાને કારણ નહીં મળે એટલો લવાજમ નિયમસર આપતાં જવું. તથા નિમકહલાલીથી બજાવેલી નોકરીનો યોગ્ય પ્રસંગે ઘટતો બદલો વાળવાને પણ ચુકવું નહીં. યોગ્યતાનુરૂપ નોકરોના પગાર વગેરે આપવામાં જેમ રાજાએ કંજુસ થવું નહીં, તેમ એકદમ એટલા ધોતાળ પણ નહીં થઈ જવું, કે જેથી તે ખરચ પુરો પાડવાને માટે પ્રજાને માથે એક કરનો મોટો બોજો લાદવો પડે.

પ્રતિ વર્ષે ઉપજ કરતાં ખરચ કંઈ પણ ઓછો રાખવો, કે જેથી કરીને પોતાના ભંડારમાં સંઘરેલું દ્રવ્ય અડી વેળાએ કામ આવે, ને તેવે પ્રસંગે ઉપજનો કંઈ પણ એક નવો રસ્તો શોધવાની જરૂર પડે નહીં. પરંતુ આ વાત સારી પેઠે ધ્યાનમાં રાખવી જોઈએ, કે પ્રજાને નિર્ધન કરી પોતાના ખજાના ભરવાને કદી પણ પ્રયત્ન કરવો નહીં; જો પ્રજા આબાદ હોય તો તેના ખજાના જોઈએ ત્યારે ભરપૂર છેજ. પણ જે રાજા એવો વિચાર રાખતો નથી તે વગર કારણે પોતાની પ્રજામાં બેદીલી ઉત્પન્ન કરે છે. કારણ જો પ્રજા સુખી હશે, તો તે યોગ્યપ્રસંગે મદદ આપવાનો કદી પછાત પડશે, એવું કોઈથી કહેવાશે નહીં. અને કોઈપણ પ્રસંગે જે ધનની જરૂર પડવાની તે કંઈ બીજા કામને માટે નથી, પણ પ્રજાનાજ રક્ષણને અર્થે પડવાની છે.

રાજ્ય માંહેના મેહેસુલના વસુલનું કામ યોગ્ય રીતે ચાલેછે, કે નથી ચાલતું તેની બરાબર તપાસ રાખવી. તથા તે વસુલ કરવામાં ગરીબડી રૈયતપર અમલદારો કોઈ પણ રીતે જુલમ ગુજારે નહીં માટે કાળજી રાખવી.

પોતાના રાજ્ય માંહેના લબાડ તથા લાંઠ લોકો ગરીબ લોકોને દુઃખ ન દેઈ શકે એવો બંદોબસ્ત રાખવો, તેમજ જુલમગારને હાથે પિડાતી પ્રજાને સુલભ રીતે યોગ્ય ન્યાય મળે એવી તજવીજ રાખવી.

અન્ય રાજ્યના લોકો લોભાવિષ્ટ થઈ, પોતાની પ્રજાની સમાધાનીમાં કોઈપણ રીતે ખલેલ પોહોંચાડી નહીં શકે, એવો લશ્કર વગેરેનો બંદોબસ્ત રાખવો. અને માઠાં ભાગ્યે જો કદી તેવો પ્રસંગ આવ્યો, તો પોતાનું ગજું તપાસી તથા તે પ્રસંગ જોઈ, સામ, દામ, ભેદ, દંડ એમાંથી જે ઉપાય યોજવો ઘટે તે યોજી, જેમ બને તેમ જલદીથી પોતાના રાજ્યમાં પાછી સમાધાની કરવી.

પોતાનામાં કદી ઘણું બળ હોય, તોપણ આસપાસના રાજ્યો ઉપર ત્યાંના રાજાના અપરાધ વગર કદી ચડાઈ કરવી નહીં; ને જો કોઈ રાજા મહાપરાધી છતાં કોઈપણ રીતે ઠેકાણે આવતો નહી હોય, તો તેને ઘટતો દંડ કરવાને પણ ચુકવું નહીં. પરંતુ સાધારણ અપરાધને માટે એકદમ મોટામાં મોટી શિક્ષા કરવાના હેતુથી, અથવા રાજ્યલોભે કરીને કોઈ કાલે પણ લડાઈ જગાડવી નહીં. કારણ લડાઈથી બન્ને પક્ષના અમૂલ્ય જીવોનો ના-

શ થાય છે. વળી જે રાજા અન્યાયે કરીને બીજાનું રાજ્ય અથવા ધન હરણ કરે છે, તેના મનને રાત દહાડો ઘણી કાળજી રહે છે, કે મેં જે બીજાઓનું હરણ કર્યું છે, તે રખેને તેઓ અથવા અન્ય કોઈ મારો નાશ કરી મારી પાસેથી છીનવી લેશે. એવા વિચારથી તે જરાએ ઝંપીને બેસવા પામતો નથી. એ વિષે દુર્યોધન રાજા તરફ મોકલેલો દૂત ધર્મ રાજા પ્રત્યે (વનમાં) આવીને કહે છે, તેનું ભારવિ કવિએ નીચે પ્રમાણે વર્ણન કર્યું છે,—

श्लोक.

विशंकमानो भवतः पराभवम्
नृपासनस्थोपि वनाधिवासिनः
दुरोदरच्छद्मजितां समीहते
नयेन जेतुं जगतीं सुयोधनः

અર્થ—દુર્યોધન રાજા રાજ્યપદ પામ્યોછે, તે છતાં વનવાસી (રાજ્યથકી ભ્રષ્ટ થએલા) એવા જે આપ (યુધિષ્ઠિર) તે આપથકી તેનો પરાભવ થશે, એવિ તે ચીંતા રાખે છે. અને જુગટું રમી અન્યાયે કરીને મેળવેલી જે આ પૃથ્વી તે ન્યાયે કરીને મેળવવાની તે ઇચ્છા રાખે છે.

એ ઉપરથી સ્પષ્ટ દેખાઈ આવશે કે, જે પુરૂષ બીજાનું રાજ્ય, ધન અથવા બીજી હરેક પ્રકારની વસ્તુ અ-

ન્યાયે કરીને હરણ કરે છે, તેને તે વસ્તુથકી કેટલું સુખ થતું હશે.

હવે રાજાએ પોતાના રાજ્યની સ્થિતિ સુધારવાને-માટે વિદ્યા તથા કળા કૌશલ્યનાં કામોને ઉત્તેજન આપી, તેમનો પોતાના રાજ્યમાં વધે પ્રસાર થાય તેમ કરવું. તથા પોતાના દેશની સુખ સમૃદ્ધિઓ વધારવાના તેમજ બીજા દેશની પોતાના રાજ્યમાં લાવવાના ઉપાયો યોજવા.

પોતાની પ્રજા માંહેના વિદ્વાન તથા નીતિમાન પુરૂષોનો યોગ્ય સત્કાર કરવો. તથા તેવા લાયક પુરૂષો કોઈ તેમની રાજ્ય પ્રકરણી કામોમાં યોગ્ય પ્રસંગે સલાહ લેવાને પણ કદી ચુકવું નહીં. તેમજ પોતાની પ્રજાની યોગ્ય માગણીઓ આપવાને હમેશ તૈયાર રહેવું.

પોતાની પાસેના સેવકોમાં તથા આશ્રિત જનોમાં ચાડિયા, તથા ખોટી પ્રશંસા કરનારા એવા ખુશામતિયા લોક રાખવા નહીં. કારણ એવા લોકોની વાતો સાંભળી તે ખરી માનવાથી માણસને હાથે ઘણે પ્રસંગે અન્યાય થાયછે. એવા લોકો જે બોલેછે, તેમાં ઘણુંકરીને તેમનો કંઇપણ સ્વાર્થ રહેલો હોયછે. એવા સ્વાર્થી લોકો બીજાના હિતાહિતનો બિલકુલ વિચાર રાખતા નથી. માટે રાજાએ એવા લોકોને પોતાના વૈરી એવું સમજી પોતાની પાસેથી હમેશ દૂર રાખવા.

પોતાના પ્રતિનિધિ તથા મંત્રી વગેરે સેવકો તેમાં વિશેષે કરીને બાતમી લાવનાર જે હેરક રાખ્યા હોય, તેઓ

કદી પોતાને અણગમતા એવા સમાચાર આવીને કહે, તોપણ તેમનાપર ક્રોધ કરવો નહીં. કારણ એવા સેવકો એ રાજાની આંખ છે, માટે તેઓની ફરજછે કે, લોકોના મન કેવાંછે, અથવા કેવા પ્રરકારના પ્રપંચ રમાયછે તે વિષે જે જાણતા હોય, અથવા જેવું જોયું હોય તેવુંજ રાજાને કહેવું. વળી જેટલાં મીઠાં વચન તેટલાં સર્વ હિતકારક હોયછે એમ નહીં સમજવું, એટલા સારૂ સેવકોએ જે વાત કહી હોય તેપર સારીપેઠે વિચાર કરી, જે યોગ્ય માર્ગ હોય તેજ ધરવો એ તેને ઘટારત છે.

રાજાએ ફક્ત પોતાની રાજધાની માંહેની અથવા મોટમોટાં શેહેરો માંહેની પ્રજાની સ્થિતિ જોઇ, તેપરથી બધી પ્રજા સુખી હશે, એવી અટકળ કરવી નહીં. કારણ તેવા શેહેરોમાં કદાચ સંપત્તિ સારી હશે, અને આખા રાજ્ય માંહેલા લોકોની સ્થિતિ આપણા સુદામજીની સ્થિતિને લજાવાવે એવી થઇ ગએલી હશે, તો તે રાજ્ય માંહેની પ્રજાની સ્થિતિ સારી છે એમ કહેવાશે નહીં. માટે તેવું જોવામાં આવે તો તેમની હાલત સુધારવાના તથા જે કારણથી પ્રજા નિર્ધન થઈ જતી હોય, તે કારણોનો અટકાવ કરવાના ઉપાયો યોજવા.

સારાંશ રાજાએ પોતાની પ્રજામાં દુઃખી કોણ છે તેની ખંત રાખીને તપાસ કરી, તેનું દુઃખ દૂર કરવાને માટે હમેશ તત્પર રહેવું એ રાજાનો ધર્મ છે. માટે જે રાજા પ્રજાના રક્ષણ અથવા પાલણને વિષે બેદરકાર રહી હમેશ

વિલાસ વૈભવમાં મગ્ન રહેતા હોય તેમને શું કહીએ !

ભિષ્માચાર્યે શાંતિપર્વમાં કહ્યું છે, કે—

श्लोक.

यथा हि गार्भिणी हित्वा स्वं प्रियं मनसे नुगं
गर्भस्य हितमाधत्ते तथा राज्ञाप्यसंशयं
वर्तितव्यं कुरुश्रेष्ठ सदा धर्मानु र्त्तिना
स्वं प्रियं तु परित्यज्य यद्यल्लोकहितं भवेत्.

અર્થ—જેમ ગર્ભવતી સ્ત્રી પોતાને ભાવતી ચીજ ખાવાની મુકી દઇ જેથી ગર્ભને સુખ થાય એવાજ પદાર્થ ભક્ષણ કરેછે, તેમજ હે યુધિષ્ટિર, ધર્મમાર્ગે કરીને વર્ત્તનાર જે રાજા તેણે પોતાને જે પ્રિય તેનો પણ ત્યાગ કરી લોકોનું કલ્યાણ થતું હોય, તો તે કરવાને કદી ચુકવું નહીં.

વિક્રમાદિત્ય જેવા રાજાની કથા વાંચવાથી માલમ પડેછે કે, પોતાની પ્રજામાં દુઃખી કોણ છે તેની કાયાને ઘણું કષ્ટ વેઠીને પણ ગુપ્તરૂપે તપાસ કરી, તેનું દુઃખ દૂર કરવાને સદાકાળ પ્રયત્ન કરતા હતા. અને એવાજ પુરૂષોએ પોતાના રાજા એ નામનો જે ખરો મહિમા તે રાખ્યો છે.

અસલના વારામાં આપણા દેશમાં પ્રજાનું રક્ષણ કરનારા એવા લોકોનો જે વર્ગ હતો, તેને ક્ષત્રિય કરીને કહેતા હતા. ક્ષત્રિય શબ્દનો અર્થ એવો થાયછે કે, જે

'क्षतात् त्रायते' (નાશ થકી રક્ષણ કરેછે) તે ક્ષત્ર. એ ઉપરથી જોશું તો માલમ પડશે કે, પ્રજાનું સર્વ પ્રકારે રક્ષણ કરવું એજ રાજ્યકર્ત્તાઓનો ધર્મ છે.

મહા કવિ કાલિદાસે કહ્યુંછે, કે—

श्लोक.

क्षतात्किल त्रायत इत्युदग्रः,
क्षत्रस्य शब्दो भुवनेषु रूढः;
राज्येन किं तद्विपरीतवृत्तेः,
प्राणैरुपक्रोशमलिमसैर्वा.

અર્થ—દુઃખ થકી રક્ષણ કરનાર તે ક્ષત્રિય, એવી રીતે ક્ષત્ર શબ્દ એ લોકોમાં પ્રસિદ્ધ છે, માટે તેથી વિપરીત ચાલવું, એટલે રાજ્ય કરી લોકોનું રક્ષણ ન કરવું, ત્યારે તે રાજ્ય કરેલું શા કામનું ! તેમજ (રાજા જોઇએ તેવી રીતે પ્રજાનું રક્ષણ કરતો નથી, અથવા દુઃખ દેછે, એવે પ્રકારે) નિંદાથી મલીન થએલા એવા જે પ્રાણ તેવડે જીવવું તે પણ શા કામનું !

ભીષ્માચાર્યે કહ્યુંછે. કે—

श्लोक.

पुत्राइव पितुर्गेहे विषये यस्य मानवाः
निर्भया विचरिष्यंति स राजा राजसत्तमः

અર્થ—આપને ઘેર જેમ છોકરાં તેમ જે રાજાના દેશમાં તેની પ્રજા નિર્ભયપણે રહેતી હોય, તે રાજા ઉત્તમ.

હવે જે રાજામાં સત્ય, ધૈર્ય, ક્ષમા, શાંતિ, ઇન્દ્રિય-નિગ્રહ ઇત્યાદિ ગુણ હોયછે, તેજ ઉત્તમ પ્રકારે નીતિથી રાજ્ય ચલાવવાને શક્તિમાન થાયછે, માટે દરેક રાજ્ય-કર્ત્તા પુરૂષે પોતાને અંગે એ ગુણ ધારણ કરવાને નિરંતર પ્રયત્ન કરવો.

વળી ભીષ્માચાર્ય કહેછે, કે—

श्लोक.

नहि सत्यादृते किंचित्, राज्ञां वै सिद्धिकारकं
सत्ये हि राजा निरतः, प्रेत्य चेह च नंदति
ऋषीणामपि राजेंद्र, सत्यमेव परं धनं,
तथा राज्ञां परं सत्यान्नान्यद्विश्वासकारणं.

અર્થ—સિદ્ધિકારક એવું રાજાને સત્ય વગર બીજું કંઇ નથી, જે રાજા સત્યને વિષે રત હોયછે તે આ લોકમાં તથા પરલોકમાં આનંદ પામેછે. હે રાજેંદ્ર (યુધિષ્ઠિર), ઋષિઓનું પણ સત્ય એજ પરમ ધન છે, તેમજ રાજાપર વિશ્વાસ રાખવાને કારણભૂત એવું સત્ય વગર બીજું કંઇ નથી.

માટે રાજાએ સત્યધર્મે કરીને વર્ત્તવું, કે જેથી લોકોનો તેનાપર વિશ્વાસ રહે, અને તેમનું ભય રાખવાનું

એને કંઇપણ કારણ રહે નહીં. જે રાજા સત્યધર્મી હોયછે તેને પરરાજ્યના લોકો પણ અનુકુળ થાયછે, પરંતુ જે અન્યાયમાર્ગી હોયછે તેને પોતાના સ્વજન પણ પ્રતિકુળ થાયછે. જેઓ નિર્બળ હોયછે તેઓ પણ આખર મરણિયા થઈ તેને જીતવાની (તેનો નાશ કરવાની) ઇચ્છા રાખેછે. માટે રાજાએ સત્યને દૃઢ વળગી રહેવું, કારણ ઇહપરલોકમાં સુખાકારી સત્યના જેવું બીજું કંઈજ નથી.

બીજું—સંકટની વેળાએ ધૈર્ય રાખી તેમાંથી પારપડવાને પ્રયત્ન કરવો. તેમજ પોતાના વેરીઓ શરણે આવ્યા હોય, તો તેમને પણ ક્ષમા કરવી એ રાજાનો ધર્મ છે.

હવે જે રાજા પોતાની પ્રજાને વશ રાખવાને ઇચ્છેછે, તેણે પ્રથમ પોતાની ઇન્દ્રિયોને વશ રાખવાને પ્રયત્ન કરવો. કારણ જેણે પોતાની ઇન્દ્રિયોને વશ રાખી નથી તેને હાથે અનેક પ્રકારના અન્યાયકર્મ થાયછે, તે એવી રીતે કે, તે પોતાની દુષ્ટ ધારણા પાર પાડવાને માટે ગરીબડી રૈયતપર ઘણો જુલમ ગુજારેછે. માટે એવે પ્રકારે જે પ્રજા રાજાના જુલમથી ઘણી ત્રાસ પામતી હોય તે તેને કેવી રીતે વશ રહેશે!

મનુ કહેછેઃ—

श्लोक.

इंद्रियाणां जये योगं, समातिष्ठेद्दिवानिशम्;
जितेंद्रियो हि शक्नोति,वशे स्थापयितं प्रजाः.

અર્થ—જે રાજા જીતેંદ્રિય હોયછે તેજ પોતાની પ્રજાને વશ કરી શકેછે, માટે રાજાએ રાત્રદિવસ તેમને (ઇન્દ્રિયોને) જીતવા પ્રયત્ન કરવો.

વળી જેણે ઇન્દ્રિયોને વશ રાખી નથી તેના મનને જરાએ શાંતિ હોતી નથી, અને 'अशांतस्य कुतः सुखम्' તેમ જેના મનને શાંતિ નથી તેને સુખ ક્યાંથી થનાર હતું !

સારાંશ—જ્યાં રાજા અન્યાયી હોયછે ત્યાં રાજા તથા પ્રજા એ બન્ને દુઃખ પામેછે, અને અંતે તેના રાજ્યનો નાશ થાયછે.

હવે જેઓ મહાન પુરૂષો હોયછે તેમનામાં નીચે લખેલા ગુણ સ્વાભાવિકજ હોયછે.

श्लोक.

"विपदि धैर्यमथाभ्युदये क्षमा,
सदसि वाक्पटुता युधि विक्रमः,
यशसि चाभिरुचिर्व्यसनं श्रुतौ,
प्रकृतिसिद्धमिदं हि महात्मनाम्":

અર્થ—સંકટની વેળાએ ધૈર્ય, શરણાગતને ક્ષમા, સભામાં વાણીનું ચાતુર્ય, યુદ્ધને વિષે પરાક્રમ, યશ મેળવવાને માટે ઇચ્છા અને વિદ્યાને વિષે વ્યસન એ ગુણ મહાન પુરૂષોમાં સ્વાભાવિક ઉત્પન્ન થએલા હોયછે.

માટે રાજ્યકર્ત્તા પુરૂષોએ એ વાત ધ્યાનમાં રાખી પોતાની પ્રજાનું ન્યાયેકરીને પાલન કરી આ લોકમાં ઉજ્વળ જશ મેળવવાને માટે ઇચ્છા રાખી સદાકાળ પ્રયત્ન કરવો એ તેમને ઘટારત છે.

હવે પ્રજામાં જેઓ અગ્રેસર હોયછે, એટલે પોતાની વિદ્યા, જ્ઞાન તથા ધનવડે જેઓ શક્તિવાન હોયછે, તેઓ રાજનીતિમાં બીજા કરતાં વધારે ભાગ લઇ શકે તેમ હોયછે, માટે તેઓએ પ્રજાના હિમાયતી થઇને તેની હરેક યોગ્ય માગણી રાજા આગળ માગવામાં કદી પછાત પડવું નહીં. તેમજ રાજકારભાર ચલાવનાર કોઇ અમલદાર તો શું ! પણ કદી રાજા નજર ચુકથી કંઇ અન્યાય કરતો હોય, ને તેથી પ્રજા ઘણી દુઃખી થાય એમ હોય, તો રાજાના કાન ઉઘાડવાને કદી પણ ડરવું નહીં. પરંતુ એવે પ્રસંગે પણ પોતાનો પ્રજાધર્મ ભૂલી નહીં જવાય માટે કાળજી રાખવી.

એવા અગ્રેસર લોકો ગરીબ પ્રજાના સુખને અર્થે પોતાના તનમનધનથી શ્રમ કરી યત્ન કરતા હોય, તો તેજ તેમની મહતાઇને મોટી શોભા છે. પરંતુ એવા લોકો બીકણ હોય અથવા સ્વાર્થી હોય, ને એમ કરવાથી રખેને રાજા અથવા જે અમલદારે અન્યાય કર્યો છે, તે અમલદાર મારાપર ખફા થશે, ને તેથી મારો થતો સ્વાર્થ અથવા ધારેલો સ્વાર્થ બગડશે એમ જાણી પ્રજાની દાદ

પોહોંચાડે નહીં, તો તે ગરીબડાઓની દાદ બીજું કોણ પોહોંચાડનાર છે? અને એઓ જે તેઓમાં શ્રેષ્ઠ ગણાયા તે પણ શા કામના!

સારાંશ રાજા કે પ્રજા જેને પરમેશ્વરે સામર્થ્ય બક્ષ્યું હોય તે કોઈપણ રીતનાં પરદુઃખભંજનનાં કામો ન કરતાં પોતાના રૂપ, ગુણ તથા બળ આદિકની મગરૂરી રાખી કેવળ સ્વાર્થને માટે અનેક પ્રકારનાં અન્યાયકર્મ કરી, પોતે મહા પરાક્રમી છીએ એમ સમજેછે. તેમને આ પ્રસંગે એટલુંજ કહેવાનું છે કે, ભાઈઓ,—

श्लोक.

"शुचि भूषयति श्रुतं वपुः, प्रशमस्तस्य भवत्यलंक्रिया, प्रशमाभरणं पराक्रमः, स नयापादित सिद्धिभुषणः"

અર્થ—વિદ્યા એ શરીરને શોભા આપેછે, પણ તે વિદ્યાને શોભા આપનાર શાંતિ છે; શાંતિને શોભા આપનાર પરાક્રમ, ને તે પરાક્રમનું ભૂષણ નીતિ એટલે ન્યાય છે.

માણસ ઘણો રૂપવાન હોય ને તેનામાં વિદ્યાદિક ગુણ નહીં હોય, તો સુજ્ઞ પુરૂષો તેને ઊત્તમ વસ્ત્રાભરણે કરીને શૃંગારેલાં પુતળાં જેવા ગણેછે. જે પુરૂષમાં વિદ્યાદિક ગુણ હોયછે અને શાંતી હોતી નથી, તેમને કવિજનોએ અનેક પ્રકારની મૂલ્યવાન વસ્તુઓના ભારવાહક પશુ જેવા ગણેલા

છે. તેમજ એક મુડદાલ માણસમાં ઘણીએ શાંતિ હોયછે, પણ તે શાંતિ શા કામની! જેને અંગે અનેક પ્રકારનાં પરાક્રમનાં કામ કરવાની શક્તિ છતાં તેનામાં શાંતિ હોય, તેજ શાંતિ કહેવાય. ને તે પરાક્રમ પણ નીતિયુકત હોય તોજ માણસને શાભા આપે. બાકી પેટને અર્થે ગામ બાળી અમે પરાક્રમી છીએ એમ બડાસ મારનારાઓના પરાક્રમને ધિઃકાર હોજો. સારાંશ જે પુરૂષ યથાન્યાયે વર્ત્તી ઘણા માણસને સુખી કરતો હોય તેજ પરાક્રમી કહેવાય. તેવા નરની જનેતાને ધન્ય છે. માટે અહીંના સર્વ ભોગ ક્ષણભંગુર જાણી માયામાં ન લપટાતાં પરમેશ્વરને પ્રિય તથા ઇહપરલોકમાં સુખાકારી એવો જે ન્યાય તેની મર્યાદા કદી ઓળંગવી નહીં, એજ આ ઊત્તમ મનુષ્યદેહ ધારણ કર્યાનું સાર્થક છે.

---

* અન્યાયી રાજા.

દોહરા.

અવનીપર અવનીપતિ, અભણ અને અજ્ઞાન;
ક્રિયા આથમ્યાનૂં કંઇ, રાખે નહિ જે ભાન. ૧

અક્કિણ કસુંબા લઈ કરી, રહે સદા ચકચૂર;
રાજનીતિ ને ન્યાય તે, સમજે નહિ કંઈ ભૂર. ૨

પ્રીતે નીજ પ્રજાતણો, સુણે ન જેહ પુકાર;
રૈયત તો રગડાય જ્યાં. જૂલમ જુલમ સહુ ઠાર. ૩

પ્રજાતણાં કલ્યાણની, વાત સુણે નહિ કાન;
નારીમંડળમાં સદા, રહે જેહ ગુલતાન. ૪

સોબત ખળ ને જારની, વ્યસની કેરી પાસ;
સભ્ય ગુણી પંડિત કહી, બેસાડે નહિ પાસ. ૫

ચારણ ભાટ કવિત્તમાં, કોકટ ગુણલા ગાય;
આપવડાઈ સાંભળી, અપર ઘણા હરખાય. ૬

રૈયતની વહુ બેટીપર, નજર કરે હેવાન;
જુલમથકી જારી કરે, એવા નૃપ નાદાન. ૭

વણ અપરાધે કંઈકિનાં, લિયે લુંટી ઘરબાર;
ચોર ડેરવે શાહને, શાહ ચોર નિરધાર. ૮

એવા નૃપ રૈયતતણા, નીસાસે નિરધાર;
કરૂણાકરના કોપથી, જાયે નર્ક મુઝાર. ૯

અદંડયને દંડેથકી, કરે અધર્મ પ્રચંડ;
અપજશ અવનીમાં મળે, પડે શિરે યમદંડ. ૧૦

* ન્યાયી રાજા.

આર્યા-ગીતિ.

ન્યાયી વસુધાપતિના, ન્યાયતણી રીત જાણજો ન્યારી;
પેટતણી પુત્રીથી, જેને છે નિજ પ્રજા અધિક પ્યારી. ૧

તેમ પ્રજાજનમન તે, જેના દર્શનથકી મુદિત થાય;
એવો ધર્મધુરંધર, ધીર નૃપતિ સર્વ ઠામ વખણાય. ૨

રઘુનંદનસમ જેના, રાજ્ય વિષે દેખિયે ન અન્યાય;
અધિક પ્રજાસુખ પેખી, અંતરમાં અધિક જેહ હરખાય. ૩

તસ્કર, ખળ, પાખંડી, જેના ભયથી રહે સદા ડરતા;
ચુગલ, જુગારી, લંપટ, અટકે અન્યાયકર્મ તે કરતા. ૪

ચુકવે રૈયત કેરા, ન્યાય સદા મિહબુદ્ધિ જે ટાળી;
ધનવાન રંક બેમાં, તેમાં અંતર ગણે ન ધન ભાળી. ૫

લુચ્ચા, લુણહરામી, તરકટિયા, લાંચિયા દિસે કોય;
તેને શીક્ષા આપે, એવો જે નિપુણ ભૂપ તે હોય. ૬

ઉપડે નહિ રૈયતથી, એવો મૂકે કદી ન કરભાર;
રાજનીતિમાં શાણો, ઉદ્યોગી, ધૈર્યવંત જે સાર. ૭

ભોજ સમો વડ ભૂપતિ, વિદ્યાનો જે પ્રસાર કરવામાં;
વિક્રમવીર સરીખો, તત્પર પરદુઃખ જેહ હરવામાં. ૮

પંચાનનસમ પોતે, પરાક્રમી યુદ્ધવીર જે પૂરો;
હામ તજી હૈયાની, પાછી પાની કરે ન નર શૂરો. ૯

એવો નૃપતિ પ્રતાપી, આ લોકે કીર્ત્તિરૂપ વામ વરે;
જગતીતલમાં તેના, જગજન સર્વે સદાય જસ ઉચરે. ૧૦

---

* સૂચના—ઉપલી કવિતા છેલ્લો 'ફાર્મ' છપાતી વખતે મારા મિત્ર રાજશ્રી સવિતાનારાયણ ગણપતિનારાયણે બનાવી આપીછે.

શુદ્ધિપત્રક.

પૃષ્ટ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
પ્ર૦	૧	પ્રસતાવના.	પ્રસ્તાવના.
,,	૩	વીષય.	વિષય.
,,	૪	સુત્ર.	સુત્ર.
૨	૫	ભીષ્ય	ભીષ્મ.
૪	૫	ઓપણે	આપણે.
૫	૨	વ્થાપાર	વ્યાપાર.
૭	૧	પાણીને	પાણીનો.
૮	૨૧	ભગવચ્ચિન્તમાં	ભગવચ્ચિન્તનમાં.
૧૨	૧૫	द्वष्टांत	दृष्टांत
૧૩	૧૪	रंजजयाति	रंजयाति
૧૪	૨	दंडयां	दंडूयां
,,	૩	महादामोति	महदामोति
૧૫	૧૪	सामान्यस्तु	सामान्यास्तु
,,	૧૫	मानयव	मानव
,,	,,	स्वार्था यानिघ्नंति	स्वार्थाय निघ्नंति
૧૬	૧૪	ન્યાપેમાર્ગે	ન્યાયમાર્ગે.
,,	૨૦	ન્યાયધીશનું	ન્યાયાધીશનું.
,,	૧૨	ભાળવાને	સંભાળવાને.
૨૧	૯	આપમારો	આપનારો.
૨૨	૩	उप्तथ	उत्पथ
૨૪	૬	પ્રતિનિધી	પ્રતિનિધિ.
૨૫	૧૨	ન્યાયધીશ	ન્યાયાધીશ.

પૃષ્ઠ,	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૨૭	૬	ઉત્પન્ત	ઉત્પન્ન.
૨૭	૯	જવ	જવા.
૨૮	૧૫	ન્યાયમાર્ગ	ન્યાયમાર્ગે.
,,	૨૦	દુખવાવવું	દુભાવવું.
૩૦	૩	પરેપરૂં	પરેપરો.
,,	૨૨	જગાં	જગ.
,,	૨૩	તે-મ	તેમાં.
૩૧	૧	તેનું	તેનો.
,,	૧૪	વચાર	વિચાર.
૩૩	૭	ઉન્મતપણાથા	ઉન્મત્તપણાથી.
૩૪	૮	બધ્ધા	બધા.
૩૫	૮	શાતિ	શાંતિ.
,,	૧૦	सहार्यानू	सहायार्नू
,,	૧૩	साध	साधू
,,	૧૫	च्छत्र	श्छत्र
૩૬	૫	સહાય	સહાયક.
૩૮	૨૦	સુખી	સુખી.
,,	૨૧	આપવાનો	આપવાને.
૪૦	૧૬	ચીંતા	ચિંતા.
,,	૧૭	જુગટુ	જુગટું.
૪૨	૮	ઓાગ્ય	યોગ્ય.
,,	૧૭	સુધ્ધારવાના	સુધારવાના.